પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૫૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૦૬-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બિપરજોય'નો રાજસ્થાનમાં હાહાકાર : ૫૦૦થી વધુ ગામોમાં અંધારપટ, અનેક ગામમાં પૂરની સ્થિતિ







જયપુર,

ગુજરાતના કચ્છ જિલ્લા અને સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં વિનાશ વેર્યા બાદ દરિયાઈ વાવાઝોડું બિપરજોય આગળ વધીને પડોશના રાજસ્થાનમાં ત્રાટક્યું છે. એને કારણે તે રાજ્યના ૫૦૦થી વધારે ગામડાઓમાં વીજ પૂરવઠો ખોરવાઈ ગયો છે અને અંધારપટ છવાઈ ગયો છે. અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ પડવાને કારણે પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે.

રાજસ્થાનના પાલી, સિરોહી, રાજસમંદ, ઉદયપુર, બાડમેર જિલ્લાઓમાં મુસળધાર વરસાદ પડ્યો છે. એને કારણે અનેક ગામોમાં પૂર આવ્યું છે. ચક્રવાતી વાવાઝોડાને કારણે ત્રણ જણનું મરણ નિપજ્યું છે. આશરે ૩૦૦ મિ.મી. વરસાદ પડ્યો છે.

ચક્રવાતી તોફાન બિપરજોયના કારણે રાજસ્થાનના ઘણા જિલ્લાઓમાં વરસાદી માહોલ જામ્યો છે. પાલી, સિરોહી, રાજસમંદ અને ઉદયપુરમાં આગામી ૨૪ કલાકમાં વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અજમેર, ભીલવાડા અને ચિત્તોડગઢમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભીલવાડામાં આજે લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી રહેવાની ધારણા છે.

હવામાન વિભાગના અધિકારીઓએ ડુંગરપુર, ટોંક, બુંદી, જયપુર, નાગૌર અને જાલોરમાં વરસાદની આગાહી કરી છે. અગાઉ બિપરજોયના કારણે થયેલા ભારે વરસાદને કારણે જાલોર અને સિરોહીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. તે જ સમયે, બાડમેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ત્રણેય જિલ્લાના કેટલાક માર્ગો પર પાણી વહી રહ્યા છે. જેના કારણે કેટલીક જગ્યાએ વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો છે.

રાજસ્થાનના આપત્તિ અને રાહત સચિવ પી.સી. કિશને કહ્યું, "ભારે વરસાદને કારણે જાલોર, સિરોહી અને બાડમેર જિલ્લામાં પૂર જેવી સ્થિતિ છે. આગામી ૧૫-૨૦ કલાકમાં ભારે વરસાદનું એલર્ટ પણ આપવામાં આવ્યું છે. અમારી ઘણી ટીમો એલર્ટ પર છે. તેમણે કહ્યું કે પિંડવાડા, આબુ રોડ અને રેવારમાં ઘણા મોટા ડેમ પાણીથી ભરેલા છે. સિરોહીના બતીસા ડેમની જળ સપાટી ૩૧૫ મીટર છે અને પાણીની સપાટી ૩૧૩ મીટર થતાં ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે.

ડિઝાસ્ટર રિલીફ એન્ડ મેનેજમેન્ટ વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. જયપુર હવામાન કેન્દ્રના પ્રભારી રાધેશ્યામ શર્માએ જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ચાર જિલ્લામાં ૨૦૦ મીમીથી વધુનો રેકોર્ડ વરસાદ નોંધાયો છે. તેમાં જાલોર, સિરોહી, બાડમેર અને પાલી જિલ્લાનો સમાવેશ થાય છે. આ સાથે, પશ્ચિમી રાજ્યના અન્ય ઘણા ભાગોમાં અત્યાર સુધીમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધવામાં આવ્યો છે. હાલમાં પાલી, રાજસમંદ, અજમેર, ઉદયપુર જિલ્લા અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે જયપુરમાં આકાશ વાદળછાયું રહેશે. વરસાદી માહોલ ચાલુ રહેશે. મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાનો અંદાજ છે. તે જ સમયે, આજે અજમેરનું લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે.

અજમેરમાં પણ હળવા કે ભારે વરસાદની આગાહી છે. એક તરફ વરસાદના કારણે લોકોને ગરમીમાંથી રાહત મળી છે. સાથે જ ખેડૂતો પણ થોડા ચિંતિત જોવા મળી રહ્યા છે. ખાસ કરીને તે જિલ્લાના ખેડૂતો જ્યાં ભારે વરસાદ પડી રહ્યો છે તે ખેડૂતોનું કહેવું છે કે વરસાદથી ખેતીને ભારે નુકસાન થશે.જોધપુરમાં ભારે વરસાદના કારણે રેલવે ટ્રેક ધોવાઈ ગયો હતો, જ્યારે પાલી, ઉદયપુર જિલ્લામાં કેટલાક ડેમ છલોછલ ભરાઈ ગયા છે.રાજસ્થાનમાં ચક્રવાતી વાવાઝોડું બિપરજોયના કારણે ભારે વરસાદ અને પૂરથી મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. પાલીમાં રવિવારે રાત્રે પાણીમાં તણાઈ જવાથી બે લોકોનાં મોત થયાં હતાં.પાલીના અલવરમાં રહેતો ૩૭ વર્ષીય મનોજ યાદવ સ્કોર્પિયોમાં જઈ રહ્યો હતો. ફાલના પોલીસ સ્ટેશન વિસ્તારના બેદલ ગામ પાસે રસ્તા પર વહેતા વરસાદના પાણીમાં તેની કાર તણાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ડૂબી જવાથી તેનું મોત થયું હતું. રેસ્ક્યુ કર્યા બાદ મૃતદેહ અને વાહનને પણ બહાર કાઢવામાં આવ્યાં છે. તેવી જ રીતે, ફાલનાના શિવાજી નગરમાં રહેતા ૫૦ વર્ષીય પકારામનો પુત્ર જેકારામ જોગી તેના ઘરની નજીકના નાળામાં તણાઈ ગયો હતો.છેલ્લા ત્રણ દિવસમાં આ દુર્ઘટનાને કારણે ૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. રવિવારે ૪ લોકોનું ડૂબી જવાથી અને શિલા નીચે દટાઈ જવાથી ૧૭ જૂને એક વ્યક્તિનું મોત થયું હતું.અત્યાર સુધી અરબી સમુદ્રમાંથી આવેલા વાવાઝોડાઓમાં બિપરજોયને સૌથી અસરકારક માનવામાં આવે છે. આ સતત ૧૩ દિવસ સુધી સક્રિય રહ્યું. સૌથી વધુ વરસાદ પડ્યો. આ જ કારણ છે કે ચોમાસાના આગમન પહેલાં રાજસ્થાનમાં પ્રથમ વખત પૂરની સ્થિતિ જોવા મળી રહી છે.હવામાન કેન્દ્ર, નવી દિલ્હીના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૧ થી ૨૦૨૩ સુધીમાં અરબી સમુદ્રમાં ૨૦થી વધુ ચક્રવાત આવ્યા છે. આમાં સૌથી પ્રભાવશાળી અને સૌથી લાંબું સક્રિય ચક્રવાત બિપરજોય છે.રહ્યું હતું.

## હરિયાણામાં બિપરજોયની તોફાનની એન્ટ્રી : ૧૬ શહેરોમાં યલો-ઓરેન્જ એલર્ટ, ફિલ્ડમાં વીજ કર્મચારીઓ

ચંડીગઢ,

રાજસ્થાન, ગુજરાત પછી બિપરજોયે હરિયાણામાં પ્રવેશ કર્યો છે. ચક્રવાતને કારણે રવિવારે મોડી રાત્રે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ત્યાર બાદ ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જોરદાર પવન ફૂંકાયો હતો. સારી વાત એ છે કે પવનને કારણે હજુ સુધી કોઈપણ પ્રકારના નુકસાનની માહિતી મળી નથી. ચંદીગઢ હવામાન વિભાગે અંબાલા સહિત ૬ શહેરોને ઓરેન્જ એલર્ટ પર રાખ્યા છે. જેમાં કૈથલ, થાનેસર, ગુહલા, પેહોવા, શાહબાદ, અંબાલા શહેરોનો સમાવેશ થાય છે. અહીં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે ૬૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બિપરજોયની આંશિક અસર અન્ય શહેરોમાં પણ જોવા મળશે, તેથી તેમના માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જેમાં કૈથલ, કરનાલ, નિલોખેડી, થાનેસર, પેહોવા, શાહબાદ, અંબાલા, બરારા, નારાયણગઢ, પંચકુલાનો સમાવેશ થાય છે. અહીં ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે વરસાદની સંભાવના છે. અન્ય જિલ્લાઓમાં હવામાન સામાન્ય રહેશે. રાજસ્થાનમાં ચક્રવાત બિપરજોયની અસર જોયા બાદ હરિયાણામાં વીજળી વિભાગ એલર્ટ મોડ પર છે. દક્ષિણ હરિયાણામાં ભારે પવન અને વાવાઝોડાને કારણે વૃક્ષો અથવા ઈલેક્ટ્રીક થાંભલા પડવાને કારણે વિક્ષેપ પડી શકે તેવી વીજળીને પુનઃસ્થાપિત કરવા માટે પહેલેથી જ વ્યવસ્થા કરવામાં આવી છે. જોરદાર પવનને કારણે નુકસાન થવાની સ્થિતિમાં વીજ નિગમની ટીમો તૈનાત કરવામાં આવી છે.

### લોકસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસને વધુ એક ઝટકો

## ૨૦૦થી વધુ કાર્યકર્તાઓ સાથે બનાસકાંઠાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ કેસરિયા કર્યા





ગાંધીનગર,

લોકસભાની ચૂંટણી પહેલા ભારે રાજકીય હલચલ જોવા મળી રહી છે. લોકસભાની ચૂંટણી નજીક આવતા પક્ષપલટો શરૂ થઈ ગયો છે. આ વચ્ચે કોંગ્રેસ માટે મોટા ઝટકા સમાન સમાચાર સામે આવ્યા છે. ઉત્તર ગુજરાત કોંગ્રેસમાં મોટું ભંગાણ થયું છે. બનાસકાંઠાના કોંગ્રેસના પીઢ નેતા ગોવાભાઈ રબારી (દેસાઈ) ભાજપમાં જોડાયા છે. ગોવાભાઈ રબારી ડીસા માર્કેટયાર્ડ ખાતે જાહેરસભા યોજ્યા બાદ ભાજપમાં જોડાયા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ દ્વારા તેમને ખેસ પહેરાવીને ભાજપમાં વિધિવત રીતે આવકારવામાં આવ્યા છે.

ગોવાભાઈ દેસાઈના સમર્થનમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનો પણ ભાજપમાં જોડાયા છે. ગોવાભાઈ દેસાઈના સમર્થનમાં ૨૦૦થી વધુ કોંગ્રેસ કાર્યકરો પણ ભાજપમાં જોડાયા છે. ગોવાભાઈ ભાજપના સાંસદ, ધારાસભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિતમાં જોડાયા છે. કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ભાજપમાં જોડાતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ગોવાભાઈને ભાજપમાં લાવવા માટે ભારતીય જનતા પાર્ટીના બે દિગ્ગજ નેતાઓએ ખેલ પાડ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના કુચાવાડા ગામના રહેવાસી ગોવાભાઈ દેસાઈ ૩૫ વર્ષથી કોંગ્રેસ સાથે જોડાયેલા હતા. તેઓ અત્યાર સુધીમાં ૭ વખત વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેમના પુત્ર સંજય રબારીને ટિકિટ આપી હતી. જોકે, આ ચૂંટણીમાં સંજય રબારીનો પરાજય થયો હતો. તેમની ભાજપના ઉમેદવાર સામે હાર થઈ હતી.

૨૦૧૭ની ચૂંટણીમાં ગોવાભાઈ ડીસા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. આ ચૂંટણીમાં કોંગ્રેસના ગોવાભાઈ રબારીને ભાજપના શશીકાંત પંડ્યા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આપને જણાવી દઈએ કે, ગોવાભાઈ રબારી ડીસાના કુચાવાડા ગામના રહેવાસી છે. ગોવાભાઈ દેસાઈએ કુચાવાડા ગામના સરપંચથી રાજકારણની શરૂઆત કરી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે પણ રહી ચુક્યા છે. તેઓ અત્યાર સુધીમાં ૭ વખત વિધાનસભાની ચૂંટણી લડી ચૂક્યા છે.

## GDPના મોરચે ચીન ચિંતામાં, અર્થવ્યવસ્થામાં મોટો ઘટાડો આવી શકે છે




વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીન માટે સતત ખતરાની ઘંટડી વાગી રહી છે. યુએસની મોટી કંપનીઓ દેશ છોડીને ભારતમાં પોતાના મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપી રહી છે તો બીજી તરફ દેશની આર્થિક સ્થિતિ પણ સુધરવાનું નામ નથી લઈ રહી.૨૦૨૩ની શરૂઆતમાં, એવું માનવામાં આવતું હતું કે જો ચીનની જીરો કોવિડ પોલીસીને દૂર કરીને બજાર ખોલવામાં આવે છે, તો અર્થવ્યવસ્થામાં સારી થવાના સંકેતો મળી શકે છે, પરંતુ ગોલ્ડમેન સૅસના તાજેતરના અહેવાલે તેની ઊંઘ હરામ કરી દીધી છે. નાણાકીય સેવા પ્રદાતાએ તેના જીડીપી વૃદ્ધિ અનુમાનમાં ઘટાડો કર્યો છે. અમે તમને એ પણ જણાવીએ કે એજન્સીએ આ અંગે શું કહ્યું છે.

તેના રિપોર્ટમાં ગોલ્ડમેન સૅસ ચીનના જીડીપી અંદાજને ૬ ટકાથી ઘટાડીને ૫.૪૦ ટકા એટલે કે ૬૦ બેસિસ પોઈન્ટ કર્યો છે. અર્થશાસ્ત્રીઓએ તેમના અહેવાલમાં જણાવ્યું કે, અગાઉની મંદીમાં ચીને જે રીતે નીતિ લાગુ કરી હતી, તેનાથી આ વખતે પણ કોઈ રાહત મળે તેમ લાગતું નથી.

દેશની સતત ઘટતી વસ્તી અને સતત વધી રહેલા દેવા અંગે વાત કરતા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીનમાં ફરી એકવાર પ્રોપર્ટી અને ઈન્ફ્રા ગ્રોથ માટે નિશાન બનાવી શકાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીનની આર્થિક સ્થિતિ સુધારવા માટે માત્ર પ્રોપર્ટી અને ઈન્ફ્રા પર આધાર રાખવો પૂરતો નથી. આ માટે અન્ય કેટલાક પગલાં લેવાની જરૂર પડશે.

જાણકારોના મતે કેન્દ્ર સરકાર ઘણા પ્રોજેક્ટમાં પૈસા આપવા માટે સ્પેશિયલ બોન્ડ પણ જાહેર કરી શકે છે. જો કે, ગયા સપ્તાહના અહેવાલમાં દર્શાવવામાં આવ્યું હતું કે ચીનની આર્થિક રિકવરીની ગતિ ઘણી ધીમી છે. સેન્ટ્રલ બેંકે વ્યાજદરમાં ઘટાડો કરીને સેન્ટિમેન્ટને સકારાત્મક બનાવવાનો પ્રયાસ કર્યો છે.

બીજી તરફ ગયા અઠવાડિયે શુક્રવારે ચીનની સ્ટેટ કાઉન્સિલ એટલે કે કેબિનેટે કહ્યું હતું કે મજબૂત અને અસરકારક નીતિ પર કામ ચાલી રહ્યું છે અને તેને યોગ્ય સમયે લાગુ કરવામાં આવશે. કેબિનેટે કહ્યું કે નીતિ માટે નવા ઉકેલોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ વખતે સરકાર ઝુગ્ગી ઝોપરીના ફરી વિકાસ તરફ કામ કરશે નહીં, જેમ કે વર્ષ ૨૦૧૫માં જોવા મળ્યું હતું. તે સમયે સરકારે પ્રોપર્ટી માર્કેટમાં ઘણા પૈસા રોક્યા હતા અને લોકોને વળતર પણ આપ્યું હતું. જેના કારણે મિલકતના ભાવ અને વેચાણમાં ઉછાળો આવ્યો હતો.

ગોલ્ડમેનના રિપોર્ટમાં નિષ્ણાતોનું કહેવું છે કે સરકાર સ્પીડ સાથે સ્થાનિક સંસ્થાઓ માટે ખાસ બોન્ડ જાહેર કરી શકે છે. આ બોન્ડનો ઉપયોગ ઈન્ફ્રામાં થશે. અધિકારીઓ મિલકત નીતિઓ સરળ રાખી શકે છે. બીજી બાજુ અર્થતંત્રને વેગ આપતા ક્ષેત્રો પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. જેમાં ઉત્પાદન અને નવી ઉર્જાનો સમાવેશ થાય છે.

## જગન્નાથ મંદિરમાં નવા ત્રણેય રથોની પ્રતિષ્ઠા વિધિ અને પૂજન થયુ, રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ

અમદાવાદ,

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રા રંગેચંગે નીકળશે, ત્યારે આ વખતની રથયાત્રામાં ભગવાન જગન્નાથ નવા લૂકમાં જોવા મળશે. રથયાત્રા પૂર્વ આજે જગન્નાથ મંદિરમાં નવા ત્રણેય રથોની પ્રતિષ્ઠા વિધિ અને પૂજન કરવામાં આવ્યું હતું. બેન્ડ વાજા અને આદિવાસી નૃત્ય સાથે રથનું ભવ્ય સ્વાગત કરાયું હતું.

ભગવાનના નવા બનાવેલા રથનો પ્રથમ વખત મંદિરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો છે. મંદિરમાં નવા રથનું વાજતે ગાજતે સ્વાગત કરવામાં આવ્યુ. મંદિર પરિસરમાં પ્રવેશ બાદ રથનું પૂજન કરવામાં આવ્યુ. બેન્ડ વાજા અને આદિવાસી નુત્ય સાથે રથનું પ્રથમ વખત આગમન કરવામાં આવ્યું.

રથયાત્રા પહેલા ભગવાને સોનાવેશ ધારણ કર્યો હતો. વર્ષમાં એક વખત ભગવાન જગન્નાથજી સોનાવેશ ધારણ કરે છે. જેથી આજે ભગવાનને સોનાના આભૂષણોથી શણગારવામાં આવ્યા હતા. નાથના સોનાવેશના દર્શન માટે મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટયું હતું. આ વખતે ૭૨ વર્ષ જૂના રથોને પૂરી જેવો રથનો લુક આપવામાં આવ્યો છે. જે રથ પર બિરાજમાન થઈને ભગવાન નગરચર્યા પર નિકળશે. રથનો નવો લુક રથયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર જમાવશે.

**Baroda Gujarat Gramin Bank**

[ Owned by : Govt. of India , Bank of Baroda & Govt. of Gujarat ]

SCHEDULED BANK SPONSORED BY : BANK OF BARODA

**Piplod Branch** | **Possession Notice** | Regionl Office : Godhra

(For Immovable Property)

Whereas

The undersigned being the authorized officer of the **BARODA GUJARAT GRAMIN BANK** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act,2002 and in exercise of powers conferred under section 13(12) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated 15-03-2023 calling upon the borrower **Shri Arvindbhai Kiritbhai Baria** to repay the amount mentioned in the notice being **Rs.10,72,316.66/- (Rupees Ten lakh seventy two thousand three hundred sixteen and sixty six paise only)** and interest thereon within 60 days from the date of receipt of the said notice.

The borrower having failed to repay the amount, notice is hereby given to the borrower and the public in general that the undersigned has taken **Symbolic Possession** of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of Act read with rule 8 of the security Interest Enforcement) Rules, 2002 on this the 15th day of June of the year 2023.

The borrower's attention is invited to provisions of sub-section(8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

The borrower in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the Baroda Gujarat Gramin Bank, Piplod Branch, for an amount of **Rs.10,72,316.66/- (Rupees Ten lakh seventy two thousand three hundred sixteen and sixty six paise only)** and interest thereon.

**Description of the Immovable Property :**

**All that part and parcel of the property consisting of Unit No.9 R.S.No.63 / Paiki 33 /Paiki 2 khata no. 1053 (Panchyat house no.129/12) having land admeasuring 81.66.20.sq mtr at Visamo Society, At Piplod Ta. Dev Baria Dist. Dahod**

**Boundries :**

**On the North : Unit No.8**

**On the South : Unit No10**

**On the East : 'Pratha' plot**

**On the West : Road**

Place : Godhra

Date : 20-06-2023

sd/-

Authorised Officer

Baroda Gujarat Gramin Bank

## ચેન્નાઈ સહિત સમગ્ર તમિલનાડુમાં ભારે વરસાદ, રાજ્યના ૫ જિલ્લાઓમાં શાળાઓમાં રજા જાહેર કરાઈ

ચેન્નાઈ,

તમિલનાડુમાં ચેન્નાઈ સહિત કેટલાક જિલ્લાઓ ભારે વરસાદ અને તોફાનની અસર જોવા મળી રહી છે. રાજ્ય સરકારે ચેન્નાઈ, તિરુવલ્લુર, રાનીપેટ, ચેંગલપટ્ટુ અને કાંચીપુરમ જિલ્લાઓમાં શાળાઓમાં રજા જાહેર કરી દીધી છે.ભારતીય હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ગઈકાલે રાત્રે સમગ્ર ચેન્નાઈમાં ભારે વરસાદ નોંધાયો હતો. મીનામ્બક્કમમાં ૧૩૭.૬ એમએમ વરસાદ નોંધાયો છે. ઓટોમેટિક રેઈન ગેજસ તારામણી અને નંદનમમાં લગભગ ૧૨ સેમી જ્યારે ચેમ્બરમબક્કમમાં ૧૧ સેમી વરસાદ નોંધાયો હતો.

આઈએમડીના જણાવ્યા અનુસાર તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે હળવોથી મધ્યમ વરસાદ પડશે. હવામાન વિભાગે ૧૩ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે, જેમાં કલ્લાકુરિચી, તંજાવુર, નાગાપટ્ટિનમ, તિરુવરુર, ત્રિચી, અરિયાલુર, કાંચીપુરમ, ચેંગલપટ્ટુ, તિરુવન્નામલાઈ, માયલાદુથુરાઈ, પેરામ્બલુર, વિલ્લુપુરમ, કુડ્ડલોર તેમજ પુડુચેરી અને કરાઈકલનો સમાવેશ થાય છે.

## વંદે ભારત એક્સપ્રેસ પર ફરી એટેક : માત્ર ૭ જ દિવસમાં દિલ્હી-દહેરાદૂન રૂટ પર કરાયો પથ્થરમારો

નવીદિલ્હી,

વંદે ભારત ટ્રેન પર ફરી એકવાર પથ્થરમારાની ઘટના સામે આવી છે. ગઈકાલે રાત્રે દિલ્હીથી દેહરાદૂન જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. મેરઠ-મુઝફ્ફરનગર રેલવે ટ્રેકના નારા જડોદા રેલવે સ્ટેશન પરથી પસાર થતી વખતે ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેમાં ટ્રેનની વિન્ડશિલ્ડ પર સ્ક્રેચના નિશાન હતા. ટ્રેનમાં કેટલાક મુસાફરોએ તેનો વીડિયો બનાવ્યો હતો.

રેલવેને ટાંકીને કહેવામાં આવી રહ્યું છે કે વંદે ભારત એક્સપ્રેસના ઈ૧ કોચ પર પથ્થરમારો થયો હતો. પથ્થરમારામાં કોઈને ઈજા થઈ નથી. રેલવેનું કહેવું છે કે, દિલ્હી મંદારની આરપીએફ ટીમ આરોપીને પકડવા માટે કામ કરી રહી છે. જોકે નારા જડોદાના રેલવે સ્ટેશન માસ્તર પથ્થરમારાની ઘટનાને નકારી રહ્યા છે.

નોંધનીય છે કે, ૨૯ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેહરાદૂનથી દિલ્હીના આનંદ વિહાર સ્ટેશન સુધી ચાલતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી બતાવી હતી. જ્યારે ટ્રેન શરૂ થઈ ત્યારે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ પોતે દહેરાદૂન પહોંચ્યા હતા.

જાન્યુઆરી ૨૦૨૩ પછી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની આ ૭મી ઘટના છે. અગાઉ મે મહિનામાં કેરળની પ્રથમ વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આવી જ ઘટના ૬ એપ્રિલે પણ બની હતી, જ્યારે વિશાખાપટ્ટનમમાં વંદે ભારત એક્સપ્રેસ પર પથ્થરમારો થયો હતો. આ પહેલા જાન્યુઆરીમાં વિશાખાપટ્ટનમમાં જ વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો થયો હતો. ૧૨ માર્ચે પશ્ચિમ બંગાળમાં વંદે ભારત પર પથ્થરમારાની ઘટના બની હતી, જેમાં ટ્રેનની બારીના કાચને નુકસાન થયું હતું. ઈસ્ટર્ન રેલવેએ જણાવ્યું હતું કે, પથ્થરમારાની ઘટના મુર્શિદાબાદના ફરક્કામાં બની હતી. જાન્યુઆરી ૨૦૨૩માં **RPF**એ અહેવાલ આપ્યો હતો કે, દાર્જિલિંગ જિલ્લામાં પથ્થરમારાને કારણે વંદે ભારત એક્સપ્રેસની બે બારી તુટી ગઈ હતી. તે જ મહિનામાં હાવડાથી ન્યૂ જલપાઈગુડી જતી વંદે ભારત એક્સપ્રેસ પર માલદા પાસે પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

## રાહુલ ગાંધીને જન્મદિવસની શુભેચ્છાઓ, ખડગેએ લખ્યું લાખો લોકોનો અવાજ



નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ૫૩મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ અવસર પર પાર્ટીના તમામ નેતાઓ તરફથી તેમને અભિનંદન સંદેશો આપવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ રાહુલને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. જેમાં તેણે રાહુલને કહ્યું હતુ કે તેની હિંમત સરાહનીય છે અને તેણે સાચું બોલવાનું ચાલુ રાખવું જોઈએ. ખડગે સિવાય કોંગ્રેસના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર પણ રાહુલ ગાંધીના જન્મદિવસ પર ટ્વિટ કરવામાં આવ્યું છે, જેમાં રાહુલને નીડર નેતા ગણાવવામાં આવ્યા છે.

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ટ્વિટર પર લખ્યું, "રાહુલ ગાંધીજીને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓપ બંધારણીય મૂલ્યો પ્રત્યે તમારી અતૂટ પ્રતિબદ્ધતા અને પ્રતિકૂળ સંજોગોમાં તમારી હિંમત પ્રશંસનીય છે. તમે કરુણા અને સંવાદિતાના સંદેશ છો." સત્તા સુધી સત્ય ફેલાવો અને કરોડો ભારતીયોનો અવાજ બનો."

રાહુલને કોંગ્રેસ પાર્ટીના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. જેમાં લખવામાં આવ્યું હતું કે, એક એવા નીડર નેતાને કે જેઓ ભારતને અખંડ રાખવા માટે અતૂટ પ્રતિબદ્ધતા ધરાવે છે, જે પ્રેમમાં અતૂટ વિશ્વાસ ધરાવે છે, એવો પ્રેમ કે જે તમામ મતભેદોને માફ કરવા, વિશ્વાસ કરવા, આશા રાખવા અને સ્વીકારવા તૈયાર હોય. અમારી પોતાની 'પ્રેમની દુકાન' ને જન્મદિવસની શુભકામનાઓ.

કોંગ્રેસ અધ્યક્ષ ઉપરાંત પાર્ટીના તમામ નેતાઓએ પણ તેમના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. પાર્ટીના નેતાઓ અને કાર્યકરો રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાની ક્લિપ્સ શેર કરી રહ્યા છે અને તેમને લોકોનો નીડર અવાજ ગણાવી રહ્યા છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંતરામપુરમાં માવઠાના પાણીથી સોસાયટીમાં પાણી ભરાયા : ચોમાસામાં કેવી હાલત સર્જાશે?



સંતરામપુર

રામપુરમાં વરસાદનું આગમન થતા પહેલા જ માવઠું થતા જ સોસાયટી વિસ્તારોમાં પાણી ભરાયા તો જ્યારે ચોમાસા દરમિયાનમાં સંતરામપુરની પ્રજા કેટલી મુશ્કેલી વેઠશે. ગોધરા ભાગોળ વિસ્તારમાં સ્ટેટ વિભાગ દ્વારા રૂપિયા ૧૨ લાખ ખર્ચીને વરસાદીએ પાણીનો નિકાલ માટે ગટર બનાવીને તે પણ ગાયબ છે. જ્યારે બીજી બાજુ રૂપિયા ૧૭ કરોડ ખર્ચીને ગુજરાત સરકાર જીઓડીસી દ્વારા યોજના પણ જાહેર કરેલી તે પણ કામ સંપૂર્ણ પૂરો થઈ ગયો છે, પરંતુ નગરની પ્રજાને તો મુશ્કેલી તો ઉભી જ રહી સરકારે યોજના પાછળ કરોડો ખર્ચ્યા પણ તેનો લાભ સંતરામપુરને મળ્યો જ નહીં તે સૌથી મોટી વિચારી બાબત રહી છે. સરકારની યોજના પાછળ સરકારી બાબુઓ અને કોન્ટ્રાક્ટર દ્વારા કરોડ રૂપિયા ખર્ચીને નગરમાં કરેલી કામગીરીમાં હવે અનેક સવાલો ઊભા થઈ રહેલા છે. આ જ ગુજરાત બોર્ડ વિસ્તારમાં રોડ રીપેરીંગ માટે પણ મોટી રકમ ખર્ચ કરેલી તેમ છતાં વરસાદી પાણીનો નિકાલતો ના થયો નગરની પ્રજા છેલ્લા ઘણા સમયથી વરસાદી પાણી તૂટેલા રસ્તાઓ અને અમે અનેક મુશ્કેલીઓ દિન પ્રતિદિન ભોગવતી જાય છે, પરંતુ આદિન સુધી તેનો કોઈ નિરાકરણ આવેલું જ નથી. આવા ગંભીર પ્રશ્નો સંતરામપુર નગરમાં જોવા મળી આવેલા છે. મંગલજો સોસાયટી અંદરના ભાગે જ્યારે આરસીસી રસ્તો બનાવ્યો ગેટની અંદર જવા માટે પાણીનું તળાવ જોવા મળી આવ્યું છે. દરેક સોસાયટીના રહીશોને આ તળાવમાં પસાર થઈ જવું પડે છે, એનો તો કોઈ નિકાલ જ નહીં જ્યારે બીજી બાજુ ગોધરા ભાગોનો મુખ્ય રસ્તો જ્યાં ૨૪ કલાક સ્કુલ હોય ઓફિસર હોય કર્મચારી હોય કોલેજના વિદ્યાર્થીઓ હોય મોટાભાગના લોકો આ જ રસ્તા પરથી પસાર થઈ રહ્યા છે. ત્યારે એ તેની બાજુમાં જ વર્ષો પહેલા પંચાયત વિભાગ દ્વારા ૧૨ લાખ ખર્ચીને વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવેલી પરંતુ તે પણ હવે ગાયબ થઈ ગઈ છે. આ બધા પાઠ્યનું કારણ સરકારી તંત્રની ઘોર બેદરકારી જોવાયેલી છે, પરંતુ સંતરામપુરના લોકો ક્યાં સુધી મુશ્કેલી બેઠ છે, તે પ્રશ્નો ઉભો થયેલો છે.

# સંતરામપુર સરકારી કવાર્ટસની ડીમોનેશન કામગીરી ખોરંભે



સંતરામપુર,

સંતરામપુર સરકારી વસાહતના ગવર્મેન્ટ કોટર્સ ડીમોનેશનની કામગીરી ખોરંભે સ્ટેટ વિભાગ દ્વારા દસ વર્ષ પહેલા અગાઉ સરકારી કર્મચારીઓને ખાલી કરાવેલા પરંતુ આજના સુધી કોઈ કાર્યવાહી નહીં. આ ગવર્મેન્ટ કોટર્સને સરકારી કોટર શો ડીસ મેન્ટલ કરવામાં આવેલા નથી. આજે તમામ કોટર્સ જર્જરીત હાલતમાં જોવા મળી આવેલી છે. આ સ્થળ પાસે રાત્રિના સમયે અસામાજીક તત્વોનો ખરાબ પ્રવૃત્તિ કરવા માટેનો બેફામ અડ્ડો બની ગયો છે. ઘણાં સમય પહેલા આજ બિલ્ડીંગની અંદર હત્યા થઈ હતી અને ગુનો પણ દાખલ કરેલો હતો. એક બાજુ ધાર્મિક સ્થળ અને બીજી બાજુ આજુબાજુ સોસાયટી આવેલી છે. ત્યારે આવા ખંડેર અવસ્થામાં કોટર શો જોખમકારક જોવા મળી આવેલું છે અને તેને આ જગ્યા ઉપર ખોટી રીતે તેનો દૂર ઉપયોગ પણ થઈ રહેલો છે. સ્ટેટ વિભાગ દ્વારા સરકારી કર્મચારીઓને ખાલી કર્યા પછી આદિન સુધી ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવેલી હતી અને અત્યાર સુધી કોઈ પણ પ્રકારનો નિર્ણય લેવામાં આવેલો નથી. જેના કારણે આવા બિલ્ડીંગોમાં કાઈમ અને અનેક ઘટના બની શકે તેવી સંભાવના જોવાયેલી છે.

# મુનપુર કોલેજમાં કાલિદાસ જયંતિની ઉજવણી



સંતરામપુર,

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્કૃત વિભાગના અધ્યાપક ડો. હિતેષ કુબાવતે કાર્યક્રમોચિત ભૂમિકા બાંધી આપી. ત્યારબાદ અત્રેની કોલેજના આચાર્ય ડો. એમ.કે.મહેતાએ કાલિદાસ અને તેમના કાવ્ય વિશેષો ઉપર વિશિષ્ટ વ્યાખ્યાન આપ્યું. કાલિદાસની કવિતામાં ભારતીયતા અંગે સરસ વાતો કરી. તેઓએ કહ્યું કે, કાલિદાસ માત્ર ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના કવિ છે, કાલિદાસે પોતાની કૃતિઓ થકી સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ અને આદર્શોને વિશ્વફલક ઉપર લઈ જવાનું કામ કર્યું છે. જ્યોર્જ ગેટે શાકુન્તલને પોતાના માથા પર મૂકીને નાચ્યા હતા એની પાછળના કારણરૂપે કાલિદાસની કવિતાની સહૃદયતા અંગે ખૂબ જ રોચક વાતો ડો. એમ.કે.મહેતાએ કરી.

ત્યારબાદ સંસ્કૃત વિભાગના અધ્યાપક ડો. પરેશ પારેખે કાલિદાસ અંગેની દંતકથાઓની વાત કરીને કાલિદાસની ઉપમા અને 'મેઘદૂત'ના મંદાક્રાન્તાની મધુરતા અંગે સંક્ષિપ્તમાં વાત કરી.

ત્યારબાદ સંસ્કૃત વિભાગના અધ્યાપક ડો. હિતેષ કુબાવતે 'કાલિદાસનું વિશ્વસાહિત્યમાં પ્રદાન' વિષય પર સંદર્ભ સહિત રસપ્રદ વ્યાખ્યાન આપ્યું. તેઓએ કાલિદાસની વૈદર્ભી શૈલી અને તેની સહજતા અંગે પણ ઉદાહરણસહિત વાત મૂકી.

કાર્યક્રમના અંત ભાગમાં હિન્દી વિભાગના અધ્યક્ષ ડો. સુશીલા વ્યાસે હિન્દીના પ્રસિદ્ધ કવિ નાગાર્જુનના કાલિદાસ ઉપરના કાવ્ય 'કાલીદાસ સચ સચ બતલાના' કાવ્યનો પાઠ કરીને તેનો અર્થબોધ કરાવ્યો.આજના દિવસની વિશેષતા એ હતી કે આજે કોલેજમાં નવા વર્ષના શૈક્ષણિક કાર્યનો પ્રથમ દિવસ હતો અને સાથે અષાઢ માસનો પ્રથમ દિવસ પણ હતો, તો વળી વરસાદી માહોલ પણ હતો. આવા સુંદર સુભગ સમન્વય સાથે કાલિદાસ જયંતિની ઉર્ષોલ્લાસભેર ઉજવણી અને શૈક્ષણિક કાર્યનો આરંભ થયાનો આનંદ છે.

આ સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સુચારૂં સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યાપક ડો. હિતેષ કુબાવતે કર્યું. આ કાર્યક્રમનો કોલેજમાં અભ્યાસ કરતા ૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લાભ લીધો.



**શ્રીમતી સી.આર. ગાડી આર્ટસ કોલેજ મુનપુર ખાતે તા.૧૯-૬-૨૦૨૩ ના રોજ કેરિયર કાઉન્સિલિંગ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરદાર પટેલ યુનિવર્સિટી ગુજરાતી વિભાગના ડો. મહેન્દ્રભાઈ ન્યાચી તથા ચાણક્ય અકાદમી વલ્લભ વિદ્યાનગરના તુષારભાઈ અને એસ.વી. કોલેજ અમદાવાદના ડો. ગોવિંદભાઈ નંદાણીયા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જાહેર પરીક્ષાઓ માટે માર્ગદર્શન આપ્યું હતું.**

# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર ખાતે વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો




સંતરામપુર,

આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો.અભય પરમાર દ્વારા ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓને કોલેજ સ્ટાફનો પરિચય આપ્યો હતો, તેમજ કોલેજમાં પ્રવેશ માટે જરૂરી ડોક્યુમેન્ટ અને વિષય પસંદગી બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં સાત મુખ્ય વિષય (અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી એમ ચાર ભાષા અને ઈતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર ત્રણ શાસ્ત્રો) તેમજ કોમર્સ વિભાગ ચાલે છે. એટલે કે, વિદ્યાર્થીઓને વિષય પસંદગીની બહોળી તક મળે છે. તેમણે આગળ જણાવ્યું કે, કોલેજનો અધ્યાપક સ્ટાફ ૨૫ થી ૩૦ વર્ષોનો અનુભવી અને નેટ/સ્લેટ ક્વોલિફાઇડ અને Phdની ડીગ્રી ધરાવે છે. તેમજ Phd ગાઇડ છે. કોલેજમાં NCC, NSS, CWDC, SPORTS તેમજ ૫૦ હજાર કરતાં વધુ પુસ્તકો ધરાવતી લાયબ્રેરી છે. આ બધી સગવડો વિદ્યાર્થીઓની બહુમુખી પ્રતિભા ખીલવવામાં ખુબજ મદદ રૂપ થાય છે.

# ભાવનગરમાં આવતીકાલે ભગવાન જગન્નાથની ૩૮મી રથયાત્રા નીકળશે, તૈયારીઓને આખરી ઓપ અપાયો

ભાવનગર,

ભાવનગરમાં આવતીકાલે ભગવાન જગન્નાથની ૩૮મી રથયાત્રા નીકળશે. જેને લઈને તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. પોલીસે રથયાત્રાના રૂટ પર ફ્લેગમાર્ચ યોજી હતી. રથયાત્રા સુરક્ષિત રીતે સંપન્ન થાય તે માટે લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. શહેરમાં પોલીસ પ્રથમ વખત બોડીવોર્ન કેમેરાનો ઉપયોગ કરશે. ૧૨૫થી વધુ પોલીસકર્મીઓ બોડીવોર્ન કેમેરાથી સજ્જ હશે. તેમજ ૩ ડ્રોન કેમેરાથી બાજ નજર રાખવામાં આવશે.

ભાવનગરમાં ૩૮મી રથયાત્રાને લઈને સરકારી તંત્ર, વિવિધ સંગઠનો તેમજ રથયાત્રા સમિતિ દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. તો ભાવનગર પોલીસ દ્વારા રથયાત્રાને લઈને આજે શહેરના મુખ્ય રાજમાર્ગ પર ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી. આ સિવાય રથયાત્રાની સુરક્ષાને લઈને તમામ પ્રકારની તૈયારીઓ કરવામાં આવી છે સુરક્ષાને લઈને અને રથયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણ વચ્ચે પૂર્ણ થાય તેના માટે ભાવનગર પોલીસ દ્વારા આયોજન કરાયું છે.

ભાવનગર પોલીસ દ્વારા રથયાત્રામાં સુરક્ષાને લઈને ૧૦ જિલ્લાની પોલીસ ફોર્સ પણ બોલાવવામાં આવી છે. પોલીસ કર્મચારીઓને નોકરીના પોઈન્ટ તેમજ રહેવાની વ્યવસ્થા ફાળવણી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત SRPની ટુકડીઓ તેમજ CISFના જવાનો ભાવનગર પહોંચી ગયા છે. ભાવનગર પોલીસ દ્વારા બહારથી આવેલા પોલીસ જવાનોને તેમની નોકરીઓની વહેંચણી તેમજ પોઈન્ટની જવાબદારી આપી દેવામાં આવી છે.

ભાવનગર શહેરમાં અમરેલી, બોટાદ, જુનાગઢ, પોરબંદર, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ તેમજ પીટીસી જુનાગઢ સહિત ૧૦ જિલ્લાની પોલીસ ફોર્સને બોલાવવામાં આવી છે. આ ટીમો સઘન પેટ્રોલિંગ હાથ ધરશે, ૩૮મી રથયાત્રામાં પેરામિલિટરી, સીઆરપીએફ, સીઆઈએસએફ, ડીવાયએસપી, પીઆઇ, પીએસઆઇ તેમજ પોલીસ કર્મચારીઓ તેમજ હોમગાર્ડ સુરક્ષામાં ખડે પગે રહેશે.

## રથયાત્રા વિશેષ

# કેમ શ્રી કૃષ્ણ કહેવાય છે જગન્નાથ? કેમ દર વર્ષે ભક્તોને સામે ચાલીને દર્શન આપવા જાય છે ભગવાન?



ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળવા પાછળ છે રોચક કહાની, જાણો કેમ કહેવાયા ભગવાન શ્રીકૃષ્ણ 'જગન્નાથ'. એક વર્ગનું એવું માનવું છે કે કૃષ્ણના બહેન સુભદ્રાજી પિયર આવે છે. સુભદ્રા તેમના ભાઈઓ સમક્ષ નગરચર્યા કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે, બહેનની ઈચ્છાને માન રાખી ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે રથમાં બેસીને નગર ચર્યા કરવા નીકળે છે.

ઝી બ્યૂરો, અમદાવાદ: અષાઢી બીજનો પર્વ એટલે ભગવાન જગન્નાથનો દિવસ જ્યારે ભાઈ બલરામ બહેન સુભદ્રા સાથે ભગવાન જગન્નાથ સાથે નગરચર્યા પર નીકળે છે, ઓડિશાના પુરીમાં આવેલ જગન્નાથ મંદિર વિશ્વવિખ્યાત છે. હિન્દુ ધર્મના પવિત્ર ચારધામ તીર્થમાંથી એક છે જગન્નાથપુરી. જગન્નાથ પુરીમાં ભગવાન વિષ્ણુના અવતારમાં કૃષ્ણ મંદિર આવેલું છે. પુરીમાં આવેલા જગન્નાથ મંદિરમાં દર વર્ષે લાખો ભક્તો દર્શન માટે આવતા હોય છે. ભારતમાં પુરીમાં સૌથી મોટી રથયાત્રા નીકળે છે. ત્યારબાદ અમદાવાદની રથયાત્રા સૌથી મોટી રથયાત્રા કહેવાય છે. ત્યારે પરંપરાગત રીતે નીકળતી રથયાત્રા પાછળનો છે રોચક ઈતિહાસ.

અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે, કોરોના મહામારીમાં રથયાત્રા કાઢવાના અને ઉજવવાના નિયમમાં ધરખમ ફેરફાર કરાયા છે પરંતુ આપણે સામાન્ય રીતે નીકળતી રથયાત્રામાં મહોત્સવ ૧૦ દિવસનો હોય છે, આ પર્વ શુક્લપક્ષની અગિયારસના દિવસે પૂર્ણ થાય છે. આ દસ દિવસના ગાળામાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડે છે. ત્રણેય રથને ભવ્ય રીતે સજાવવામાં આવે છે. ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીને રથોમાં બેસાડીને ગુંડીચા મંદિર લઈ જવામાં આવે છે. મહિનાઓ પહેલાથી ભવ્ય રથયાત્રાની તૈયારીઓ શરૂ કરી દેવાય છે.

લોક વાયકા પ્રમાણે દ્વારકામાં ભગવાન કૃષ્ણની રાણીઓ બલરામના માતા રોહિણીને કૃષ્ણ ભગવાનની રાસલીલા કહેવા માટે કહે છે, પહેલા તો માતા રોહિણી માનતા નથી પરંતુ રાણીઓની ઘણી વિનંતી બાદ તેઓ માની જાય છે. તે વખતે કૃષ્ણના બહેન સુભદ્રા ત્યા હાજર હતા, ભાઈની રાસલીલા વિશેની વાતચીત બહેન આગળ થાય તેવું રોહિણીને યોગ્ય ન લાગ્યું. તે સમયે રોહિણી સુભદ્રાને બહાર ભગવાન કૃષ્ણ અને બલરામ સાથે નગરચર્યા માટે મોકલી દે છે. ત્રણેય ભાઈ-બહેન જ્યારે નગરચર્યામાં નીકળે છે તે સમયે નારદમુનિ પ્રગટ થાય છે, ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહે સુભદ્રાને એકસાથે જોઈ નારદમુનિ પ્રસન્ન થઈ જાય છે. નારદમુનિ પ્રાર્થના કરે છે કે દર વર્ષે આ રીતે જ ત્રણેયના દર્શન થાય. નારદમુનિની નિર્દોષ પ્રાર્થના ફળી જાય છે અને ત્યારથી ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળે છે.

એક વર્ગનું એવું માનવું છે કે કૃષ્ણના બહેન સુભદ્રાજી પિયર આવે છે. સુભદ્રા તેમના ભાઈઓ સમક્ષ નગરચર્યા કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે, બહેનની ઈચ્છાને માન રાખી ભગવાન કૃષ્ણ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે રથમાં બેસીને નગર ચર્યા કરવા નીકળે છે. ત્યારબાદથી રથયાત્રાના પર્વ મનાવવામાં આવે છે. અન્ય લોકવાયકા એવી છે કે ગુંડીચા મંદિરમાં સ્થિત દેવી ભગવાન કૃષ્ણના માસી છે, જે ત્રણેય ભાઈ-બહેનને પોતાના ઘરે આવવા માટે આમંત્રણ આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ , ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી સાથે માસીનાં ઘરે ૧૦ દિવસ રહેવા માટે જાય છે. કેટલાક લોકોનું માનવું છે કે ભગવાન કૃષ્ણ કંસનો વધ કરીને ભાઈ-બહેન સાથે મથુરામાં પ્રજાને દર્શન આપવા માટે નીકળે છે જેથી રથયાત્રા મનાવવામાં આવે છે.

કહેવાય છે કે સતયુગમાં ઈન્દ્રદ્યુમન નામનો ચક્રવર્તી રાજા ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હતો. તે ભગવાન વિષ્ણુનું તપ કરવા માટે નિલાંચલ પર્વત પર જાય છે પરંતુ ભગવાન વિષ્ણની મૂર્તિ ત્યાંથી સ્વર્ગમાં લઈ જવાઈ હતી. આ વાતથી રાજા ખૂબ નિરાશ થાય છે અને તે સમયે સ્વર્ગમાંથી આકાશવાણી થાય છે કે ભગવાન પથ્થર અથવા કાષ્ઠ સ્વરૂપે ફરીથી પાછા આવશે અને તેમનું નામ જગન્નાથ રહેશે. આ રીતે ભગવાન તેમના ભક્તોને ખુશ કરવા માટે કાષ્ઠની મૂર્તિના સ્વરૂપમાં અવતરિત થાય છે. માન્યતા છે કે, રથ ખેંચવામાં ઉપયોગમાં લેવાતા દોરડા અથવા રથના સ્પર્શમાત્રથી પવિત્ર કર્મોનું ફળ મળે છે. અષાઢી બીજના દિવસે વિષ્ણુ સહસ્ત્રનો પાઠ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.

# બાલાસિનોર ખાતે ITIના ૯(નવ) ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ

મહિસાગર,

બાલાસિનોર આઈ.ટી.આઈ. ખાતે વિવિધ ૫(પાંચ) ટ્રેડમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ થયો છે. જેમાં ઔધોગિક તાલીમ સંસ્થા બાલાસિનોર ખાતે વિવિધ પ્રકારના ઔધોગિક ક્ષેત્રે પ્રત્યક્ષ રોજગારી તેમજ સ્વરોજગારી આપતા તેમજ ઔધોગિક માંગને અનુરૂપ હોય તેવા વિવિધ ૯(નવ) ટ્રેડની ૪૮૮(ચારસો અઠ્યાશી) બેઠકો ઉપર પ્રવેશ શરૂ કરાયો છે.

ઔધોગિક માંગને ધ્યાને લઈ રોજગારીની ઉત્તમ તકો આપતા ટ્રેડ પણ સંસ્થા ખાતે શરૂ કરાયા છે. આઈ ટી આઈ, બાલાસિનોર ખાતે ધોરણ ૮ થી શરૂ કરી ધોરણ ૧૦ સુધીના તમામ વિદ્યાર્થીઓ તેમજ વ્યવસાયિકો માટે ટેકનીકલ ટ્રેડ જેવા કે ફીટર, વાયરમેન, મિકેનિક ડીઝલ, વેલ્ડર, કોપા, ઈલેક્ટ્રિશયન, ડ્રેસ મેકિંગ, સોલાર ટેકનીશયન(ઈલે.) અને ફેશન ડીઝાઈન ટેક્નોલોજી જેવા ૧ વર્ષ અને ૨ વર્ષના સમયગાળાના વૈવિધ્યસભર બેઠકો પર તા.૨૪(ચોવીસ) મે ૨૦૨૩ થી પ્રવેશ કાર્ય શરૂ કરાયેલ છે. પ્રવેશ માટેની ઓનલાઈન સાઈટ http://itiadmission. gujarat. gov.in પરથી ઉમેદવાર રજીસ્ટ્રેશન કરી શકશે. તેમજ રજીસ્ટ્રેશન પ્રક્રિયા માટે આઈ.ટી.આઈ. બાલાસિનોર ખાતેના હેલ્પ સેન્ટરમાં વિનામૂલ્યે ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ છે.

મારા ભાઈ પ્રકાશ પરમારે મારા નામ સાથે મારા પરિવારના દરેક સભ્યને સમાવી તો લીધાં સાથે દરેક પંકિતનો પ્રથમ શબ્દ મારા નામને ઉજાગર કરે છે.



જીજ્ઞા કપુરીયા (નિયતી)

કાવ્ય રચના.

જીવન શારદાએ આપ્યું, ને મહેક
દમયંતી પ્રસરાવી રહી.
જ્ઞાનનું દાન કરી રહ્યાં,
સાહિત્યના સથવારે જગમાં તો.
દિનેશ, દિલીપનો સંગ મળ્યો, દીપી ઉઠી જીવન જ્યોત.
લીલાશ ભર્યું જીવન થાય, હરજીવન સાહિત્ય થકી જો.
પદ, પ્રતિષ્ઠા થી શું મળે,? જ્ઞાન પ્રકાશ પ્રભુ દર્શન થાય.
કરતબ લખવાની હોય ન્યારી, વાચી હૃદય ખીલી ઉઠે.
પુલકિત હૃદય હરદમ કરૂ, શારદા આશિષ રહે સંગમા.
રિવાજ રાખું સદા હું, કોમલ શબ્દોથી સળગારૂ કાવ્ય.
યાદ હરદમ રહેશે હૃદયે, કપુર મહેક પ્રસરાવી રહે એમ.
પ્રકાશભાઈ ડી.પરમાર. કુંડલી કિલ્લા પારડી.

# આપની આજ.......

મેષ : કારોબારી વિસ્તારને લગતી કોઈ યોજના ઉપર અમલ થશે. તમારો જીવન પ્રત્યેનો પોઝિટિવ દૃષ્ટિકોણ તમારા વ્યક્તિત્વને વધારે નિખારશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે. પરિવાર તથા લગ્નજીવનમાં સારો તાલમેલ જળવાયેલો રહેશે.

વૃષભ : કોઈના ઉપર વધારે વિશ્વાસના મામલે પણ સાવધાન રહો. વ્યવસાયમાં કોઈ વિશેષ સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. સમય અનુકૂળ છે, મોટાભાગના કામ થોડી કોશિશથી જ પૂર્ણ થઈ જશે.

મિથુન : આર્થિક મામલે ઠોસ અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા માટે સમય અનુકૂળ છે. ઉતાવળ અને બેદરકારીના કારણે તમે કોઈ મુશ્કેલીમાં પડી શકો છો. કામનો ભાર હોવા છતાં તમે અંગત સંબંધોની મિઠાસને જાળવી રાખશો.

કર્ક : જીવનસાથીની સલાહ અને સમજણ તમારા માટે ફાયદાકારક સાબિત થશે. વેપારમાં કોઈના ઉપર પણ વિશ્વાસ ન કરીને બધું કામ તમારી દેખરેખમાં કરો. આ સમયે ભાગ્ય અને ગ્રહ સ્થિતિ તમારા પક્ષમાં છે.

સિંહ : સમાજમાં તમારા કામના અને યોગદાનના વખાણ થશે. વ્યવસાયિક રાજકીય મામલો કોઈની દખલથી ઉકેલાઈ જશે. ભાવનાઓના આવેશમાં ન આવો, તમારા દિમાગથી સમજી-વિચારીને જ દરેક કામ કરો.

કન્યા : કામકાજના નવા અવસર પ્રાપ્ત થશે. પરિવાર સાથે જોડાયેલી કોઈ સમસ્યાનું જલ્દી જ નિરાકરણ થશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે. પતિ-પત્ની એકબીજાની ભાવનાઓનું સન્માન કરશે.

તુલા : રૂપિયાની ઉધારી બિલકુલ ન કરો. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. યુવાઓને સફળતા મળવાથી ગજબનો ઉત્સાહ જળવાયેલો રહેશે. સમાજ સેવા તથા લોક કલ્યાણકારી કાર્યમાં તમારો રસ રહેશે.

વૃશ્ચિક : આ સમય શાંત રહીને પસાર કરવાનો છે. પતિ-પત્નીના સંબંધ મધુર રહેશે. આ સમયે પડી જવાથી કોઈ દુર્ઘટના જેવી સ્થિતિ બની શકે છે. તમે વ્યવસાયિક કાર્યોમાં વધારે ધ્યાન પૂર્વક તથા સમજી-વિચારીને નિર્ણય લેશો.

ધનુ : વેપારમાં આશા પ્રમાણે યોગ્ય ફેરફાર આવશે. કોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવી તમને આત્મિક સુકૂન આપશે. ઘરના કોઈ વડીલ વ્યક્તિના સ્વાસ્થ્યને લઈને ચિંતા રહેશે.

મકર: આ સમયે વેપારમાં ક્રિયાશીલતા રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે. મન પ્રમાણે કોઈ કામ પૂર્ણ થવાથી સુખ મળશે. લગ્નજીવનમાં સુખ રહેશે. ઈચ્છાઓ વધારે રહેશે, તેને પૂર્ણ કરવા માટે વધારે મહેનત અને કોશિશ કરવાની જરૂરિયાત છે.

કુંભ : પરિવારમાં સુખ અને મોજ-મસ્તીનું વાતાવરણ રહેશે. કોઈપણ નવા સંબંધ બનાવવામાં ઉતાવળ ન કરો. જીવનમાં આવેલાં ફેરફારનો પોઝિટિવ પ્રભાવ તમારા વ્યક્તિત્વ ઉપર પડી શકે છે.

મીન : કામનો ભાર વધારે હોવાથી તમને અનિદ્રા અને બેચેનીની સમસ્યા પણ થઈ શકે છે. પરિવાર સાથે હરવા-ફરવા, સિનેમા વગેરેમાં જવાનો પ્રોગ્રામ બનશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. માનસિક અને શારીરિક રૂપથી તમે સ્વસ્થ અને પ્રસન્ન રહેશો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### દાહોદ જિલ્લામાં ચાલકની ગફલત અને વાહનની વધુ પડતી ઝડપના કારણે

## જુદી-જુદી જગ્યાએ બનેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં બે જણાના મોત નિપજાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ ગતરાતે સાડા આઠ વાગ્યાના સુમારે દાહોદ આઈ.ટી.આઈ નજીક રોડ પર બનવા પામ્યો હતો. જેમાં એક એસટી બસના ચાલક તેના કબજાની જીજે-૧૮ ઝેડ-૫૪૧૧ નંબરની એસટી બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી છાપરી સ્કુલ ફળિયામાં રહેતા જસવંતભાઈ વાલસીંગભાઈ કિશોરીના કાકાના છોકરા ૨૯ વર્ષીય સંજયભાઈ કાળુભાઈ કિશોરીની સુઝુકી એકસેટ મોપેડ ગાડી નંબર જીજે-૨૦ એ.એસ-૦૧૫૭ સાથે ધડાકાભેર અથડાવી




સંજયભાઈ કાળુભાઈ કિશોરીને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું જ્યારે એસ.ટી.બસનો ચાલક એસટી બસ લઈને નાસી ગયો હતો. આ સંબંધે છાપરી ગામના મરણજનાર સંજયભાઈ કાળુભાઈ કિશોરીના કાકા જસવંતભાઈ વાલસીંગભાઈ કિશોરીએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ બી ડીવીઝન પોલિસે એસ.સી.બસના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના તેતરીયા ગામે તેતરીયાથી ચાલકીયા તરફ જતાં રોડ પર બપોરના સમયે બનવા બપામ્યો હતો. જેમાં રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના કુશલગઢ ગામે નહેરૂ રોડ પર રહેતા અંકીતભાઈ પવનભાઈ ચોકલીયા પોતાના કબજાની રાજસ્થાન પાર્સીંગની આર.જે. ૦૩ એસ.એચ-૭૮૨૧ નંબરની મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી તેતરીયાથી ચાકલીયા જતા રોડ પર તેને મોટર સાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટરસાયકલ રોડની બાજુમાં આવેલ ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલક કુશલગઢ ગામના અંકીતભાઈ પવનભાઈ ચોકલીયાને માથામા, હાથે પગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું. આ સંબંધે બાંસવાડા જિલ્લાના કુશલગઢ ગામના સુનીલભાઈ લક્ષ્મણભાઈ બારોડીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ચાકલીયા પોલિસે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના પાંચવાડા ગામે જમીનની બાબતે ૬ ઈસમો પથ્થર મારો કરતાં બે મહિલા સહિત ત્રણને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડાના પાંચવાડા ગામે સીમાડા ફવિયામાં જમીન સંબધી બારીયા પરિવારના છ જેટલા ઈસમોએ બારે પથ્થર મારો કરી ધિંગાણું મચાવતા બે મહિલાઓ સહિત ત્રણ જણાને ગંભીર ઈજાઓ થયાનું તેમજ જાનથી મારી નાંખવાની ધાકદમકીઓ આપ્યાનું જાણવા મળ્યું છે.

પાંચવાડા સીમાડા ફળિયામાં રહેતા બારીયા પરિવારના રમસુ કુકલાભાઈ, જનતાબેન રસમુભાઈ, લલીતભાઈ કુકલાભાઈ, સંજય રમસુભાઈ, વનરાજ રમસુભાઈ તથા અંકીતભાઈ રમસુભાઈએ ભેગા મવી તેમના ફળિયામાં રહેતા તેમના પરિવારના રૂપલાભાઈ હુમલાભાઈ બારીયાના ઘરે સાંજના સમયે આવી મારા કાકા નવસીંગભાઈની જમીન તમોએ કેમ પડાવી લીધેલ છે. તેમ કહી રૂપલાભાઈ સાથે બોલાચાલી કરી ગાળો બોલતા હોઈ, રૂપલાભાઈએ તેઓને ગાળો બોલવાની ના પાડતાં સંજયભાઈ રમસુભાઈએ રૂપલાભાઈને છુટ્ટો પથ્થરો મારી ડાબા કાન પર તથા ડાબા હાથની કોણી પર ઈજા કરી હતી. તે વખતે મંજુલા છોડાવવા માટે વચ્ચે પડતાં બાકીના પાંચ જણાઓએ છુટ્ટા પથ્થરો મારી મંજુલાબેનને શરીરે ડાબી બાજુના ભાગની પાંસળીમાં ફ્રેકચર કર્યું હતું તેમજ રતનીબેનને પણ શરીરે ઈજાઓ થવા પામી હતી તથા જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી હતી.

આ સંબંધે પાંચવાડા સીમાડા ફળિયાના ઈજાગ્રસ્ત રૂપલાભાઈ હુમલાભાઈ બારીયાએ નોંધાવેલી ફરિયાદને આધારે ગરબાડા પોલિસે ઈપિકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૯૪, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જીપી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ નગરમાં રથયાત્રાના રૂટ પર એસ.પી. બલરામ મીણાની આગેવાનીમાં પોલીસતંત્ર દ્વારા ફૂટ પેટ્રોલીંગ યોજાયું

ઝાલોદ,

રથયાત્રાના રૂટ પર એસ.પી બલરામ મીણા, એ.એસ.પી. જગદીશ બાંગરવા, ડી.વાય.એસ.પી. ડી.આર.પટેલ, પી.એસ.આઇ રાઠવા, પી.એસ.આઈ. રાઠોડ તેમજ મોટા પ્રમાણમાં પોલીસ તંત્ર, રથયાત્રા સમિતિના આયોજકો દ્વારા રણછોડરાય મંદીર મુવાડા થી જ્યાં જ્યાં થી રથયાત્રા પસાર થવાની છે. તે તમામ રૂટ પર પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાના કારણોસર, રૂટ નિરીક્ષણ, ટ્રાફિક નિયમન જાળવવા તમામ રસ્તાઓ પર ફૂટ પેટ્રોલીંગ યોજાયું હતું. પોલીસ તંત્ર દ્વારા વાહનો અને પોલીસના કાફલા સાથે ફૂટ પેટ્રોલીંગ યોજાયું હતું. એસ.પી. બલરામ મીણા દ્વારા તમામ સુરક્ષાના મામલે ઝીણવટ ભરી રીતે ધ્યાન આપવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત તમામ લોકોને કાયદાકીય તમામ મુદ્દાનું પાલન કરવા જણાવ્યું હતું.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખા દ્વારા પ્રાથમિક સારવાર તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

દાહોદ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા પ્રાથમિક સારવાર તાલીમ વર્ગનો આયોજન રેડક્રોસ ભવન દાહોદ ખાતે રેડક્રોસ સોસાયટીના ચેરમેન ગોપાલભાઈ ધાનકાના અદયક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શાબ્દિક સ્વાગત સોસાયટીના વાઈસ ચેરમેન ડોકટર બી.એસ.અગ્રવાલે કર્યુ હતું. પ્રાથમિક સારવાર તાલીમની માહિતી સોસાયટીના ખજાનચી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કમલેશભાઈ લીમ્બાચીયા એ આપી હતી. અદયક્ષ સ્થાનેથી ગોપાલભાઈ ધાનકાએ તાલીમાર્થીઓને આ તાલીમ પૂર્ણ કરી જરૂરતમંદને પ્રાથમિક સારવાર આપી સેવાનો કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સોસાયટીના સહમંત્રી સાબિરભાઈ શેખએ કરી હતી. આભાર વિધિ સોસાયટીના માનદ મંત્રી જવાહરભાઈ શાહે કરી હતી. આ પ્રસંગ સોસાયટીના બ્લડ બેન્ક કેમ્પ ઓર્ગેનાઈઝર એન.કે.પરમાર એક્ટિવિટી સભ્યો સકીનાબેન સાકીર, નરેશભાઈ ચાવડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## યુપીથી બિહાર સુધી ગરમીએ મચાવ્યો હાહાકાર, બલિયામાં ૫૭ અને બિહારમાં ૪૪ લોકોના મોત

લખનૌ,

ઉત્તરપ્રદેશ: એક તરફ ગુજરાત અને રાજસ્થાનમાં ભારે વરસાદ પડી રહ્યો છે અને બીજી તરફ ઉત્તર પ્રદેશથી લઈને બિહાર સુધી આકરી ગરયુપીથી બિહાર સુધી ગરમીએ મચાવ્યો હાહાકાર, બલિયામાં ૫૭ અને બિહારમાં ૪૪ લોકોના મોતમી હાહાકાર મચાવ્યો છે. બંન્ને રાજ્યોમાં હીટવેવથી લોકો મોતને ભેટી રહ્યાં છે. યુપીના બલિયામાં છેલ્લા ૪ દિવસમાં ૫૭ લોકોના મોત થયા છે.બિહારમાં ૨૪ કલાકમાં ૪૪ લોકોના મોત થયા છે. એકલા પટનામાં જ ૩૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુપીમાં મોતનું કારણ જાણવા માટે આરોગ્ય વિભાગની એક ટીમ લખનૌથી બલિયા પહોંચી છે. જેથી દેશના ૫ રાજ્યોમાં હીટ વેવનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બલિયાની જિલ્લા હોસ્પિટલમાં ચાર દિવસમાં ૫૭ લોકોના મોત થયા હોવા છતાં બલિયાના ચીફ મેડિકલ ઓફિસર ડૉ. જયંત કુમારે દાવો કર્યો છે કે જિલ્લામાં હીટ સ્ટ્રોકથી માત્ર બે જ લોકોના મોત થયા છે. લખનઉથી બલિયા પહોંચેલા કમ્યુનિકેબલ ડિસીઝ ડિરેક્ટર ડૉ. એ.કે. સિંહ અને મેડિકલ કેર ડિરેક્ટર કેએન તિવારીએ જિલ્લા હોસ્પિટલના વૉર્ડનું નિરીક્ષણ કર્યું. જોકે, વૃદ્ધ દર્દીઓના મૃત્યુનું મુખ્ય કારણ ગરમી હોવાનું તેમણે નકારી કાઢ્યું હતું. જિલ્લા હોસ્પિટલના મુખ્ય તબીબી અધિક્ષક (સીએમએસ), ડૉ. દિવાકર સિંહને મૃત્યુના કારણ વિશે કથિત રીતે બેદરકારીભરી ટિપ્પણી કર્યા બાદ હટાવીને આઝમગઢ મોકલવામાં આવ્યા હતા. તેમણે શુક્રવારે કહ્યું હતું કે ગરમીના કારણે હોસ્પિટલમાં ૨૦થી વધુ દર્દીઓના મોત થયા છે. તેમના સ્થાને ડૉ.એસ.કે. યાદવને નવા ઝસ્જી બનાવવામાં આવ્યા છે. સીએમઓ જયંત કુમારે જણાવ્યું હતું કે રેકોર્ડ મુજબ, ૫૪ મૃત્યુમાંથી ૪૦% દર્દીઓને તાવ હતો, જ્યારે ૬૦% અન્ય રોગોથી પીડિત હતા. જિલ્લામાં હીટ સ્ટ્રોકના કારણે અત્યાર સુધીમાં માત્ર બે લોકોના મોત થયા છે. સીએમએસ યાદવે જણાવ્યું કે હોસ્પિટલ પર દબાણ વધી રહ્યું છે. અહીં દરરોજ ૧૨૫-૧૩૫ દર્દીઓ દાખલ થઈ રહ્યા છે. ૧૫ જૂને ૧૫૪ દર્દીઓને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૩ના મોત વિવિધ કારણોસર થયા છે. જ્યારે ૧૬ જૂનના રોજ ૨૦ના મોત થયા હતા. અને ૧૧નું મૃત્યુ ૧૭ જૂને થયું હતું. આ તમામની ઉંમર ૬૦ વર્ષથી વધુ છે. રવિવારે પણ ત્રણ દર્દીઓના મોત થયા હતા. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે મૃત્યુને લઈને રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, બલિયા જિલ્લા હોસ્પિટલમાં ૨૪ કલાકમાં હીટ સ્ટ્રોકથી ૩૬ લોકોના મોતએ કમનસીબ અને શરમજનક ઘટના છે. બલિયામાં આઠ દિવસમાં ૧૨૧ દર્દીઓના મોત થયા છે. ગરીબોને હોસ્પિટલોમાં સારવાર મળતી નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, ભાજપ સરકાર ન તો જનતાને વીજળી આપી શકવા સક્ષમ છે અને ન તો સારવાર કરાવવા માટે સક્ષમ છે. બિહારના ૨૨ જિલ્લાઓમાં ભારે હીટવેવ સતત તબાહી મચાવી રહી છે. બિહારમાં પણ ગરમી જીવલેણ સાબિત થઈ રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ગરમીના કારણે ૪૪ દર્દીઓના મોત થયા છે. તેમાંથી છેલ્લા ૨૪ કલાકમાં પટનામાં ૩૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં ૯ લોકોના મોત થયા છે. બેગૂસરાઈ, સાસારામ અને નવાદામાં બે-બે લોકોના મોત થયા છે, જ્યારે ભોજપુર અને ઔરંગાબાદમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે.હવામાન વિભાગે ૧૯ જૂન સુધી તીવ્ર ગરમીનું એલર્ટ જાહેર કર્યું છે. સરકારે લોકોને બપોરે ઘરની બહાર ન નીકળવાની સલાહ આપી છે. હવામાન વિભાગે ઓડિશા, ઝારખંડ અને છત્તીસગઢના ઘણા ભાગો અને દક્ષિણ બિહારના કેટલાક ભાગોમાં તીવ્ર ગરમીની લહેર આવવાની સંભાવના વ્યક્ત કરી છે. આ ઉપરાંત આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં પણ હીટવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે. પૂર્વ મધ્ય પ્રદેશ, પૂર્વ ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોના વિવિધ વિસ્તારોમાં હીટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે.

## ગુજરાતમાં એક દિવસમાં અનેક વિસ્તારોમાં ખાબક્યો વરસાદ, સૌથી વધુ બનાસકાંઠાના દાંતામાં ૫ ઈંચ વરસાદ

પાલનપુર,

બિપરજોય વાવાઝોડાનો ખતરો ગુજરાત પરથી પસાર થઈ ચુકયો છે, જો કે તેની અસર હજુ પણ અનેક વિસ્તારોમાં વર્તાઈ રહી છે. રાજ્યમાં એક દિવસ દરમિયાન કેટલાક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં એક ઈંચથી લઈને પાંચ ઈંચ સુધીનો વરસાદ વરસ્યો છે. સૌથી વધુ બનાસકાંઠાના દાંતામાં ૫ ઈંચ વરસાદ વરસ્યો છે.

ગુજરાતમાં અમીરગઢમાં ૩.૫ ઈંચ, ખેડબ્રહ્મામાં ૩.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. વિજયનગરમાં ૩ ઈંચ, પોશીનામાં ૩ ઈંચ વરસાદ પડ્યો છે. તો વડાલીમાં ૧.૫ ઈંચ, ઈડર અને સતલાસણામાં ૧-૧ ઈંચ વરસાદ વરસ્યો છે.

બનાસકાંઠાના અંબાજીમાં હજુ પણ પવન સાથે ધોધમાર વરસાદનો માહોલ જોવા મળી રહ્યો છે. અંબાજીના બજારોમાં ચોતરફ પાણી ભરાઈ ગયા છે. અંબાજીમાં છેલ્લા ચાર દિવસથી વરસાદ પડી રહ્યો છે. વેપારીઓ, રાહદારીઓ વરસાદને લઈ પરેશાન છે.

બિપોરજોય વાવાઝોડાએ કચ્છ બાદ સૌથી વધુ વિનાશ બનાસકાંઠામાં વેર્યો છે. તોફાની પવનોએ બનાસકાંઠાને વેરવિખેર કરી નાખ્યું છે. ક્યાંક મકાનના પતરા ઉડ્યાં તો ક્યાંક ગામ અને ખેતરો બેટમાં ફેરવાયા છે. ક્યાંક આખેઆખા રોડ પાણીમાં ગરકાય થયાં છે, તો ક્યાંક રેલવેના પાટા રફેદફે જોવા મળ્યા. ધાનેરામાં ભારે પવનના પગલે એક વ્યક્તિ સહિત ૨૦ પશુઓના મોત નિપજ્યા છે.

જ્યારે ઉપરવાસમાં ભારે વરસાદને પગલે રેલ નદીનું પાણી ધાનેરા અને થરાદના ગામોમાં ફરી વળ્યું. બેટમાં ફેરવાતા અનેક ગામોનો સંપર્ક તૂટ્યો. આ તરફ ડીસામાં ભારે વરસાદથી શાળાના પતરા ઉડ્યા હતા. તો ડેરીની દીવાલ પણ ધરાશાયી થઈ. તો અમીરગઢના વીરમપુર નજીક નાળુ તૂટતા ૩ ગામો સંપર્ક વિહોણા બન્યા. મહત્વપૂર્ણ છે કે ધાનેરા, થરાદ, ડીસા, અમીરગઢ પંથકમાં વરસાદથી ખેતરો બેટમાં ફેરવાયા છે અને ઉભા પાકને પારાવાર નુકસાન થવાની ભીતી છે.

## સરસપુરમાં ૧૪ થી વધુ પોળમાં રસોડા શરૂ કરાયા, પૂરી-શાક, ફૂલવડી, બુંદી, મોહનથાળ તૈયાર

અમદાવાદ,

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભક્તોનો ભારે ઉત્સાહ જોવાઈ રહ્યો છે. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન જગન્નાથના દર્શન માટે ઉમટી પડશે. મોટી સંખ્યામાં હાજર રહેનારા ભક્તો માટે પ્રસાદની પણ તડામાર તૈયારી ચાલી રહી છે. એકપણ ભાવીક પ્રસાદી વગર ન રહી જાય તે માટે રાત દિવસ રસોડા ધમધમી રહ્યા છે. સરસપુર ખાતે વિવિધ પોળમાં રસોડા શરૂ કરીને કામગીરી શરૂ કરાઈ છે.

ભગવાન જગન્નાથજીને રંગે ચંગે આવકારવા સરસપુરવાસીઓએ તડામાર તૈયારી કરી છે. સરસપુર ખાતે ઉત્સવ જેવો માહોલ છે. ભક્તોને આવકારવા અને પ્રસાદીની વ્યવસ્થા માટે રસોડાની શરૂઆત કરી વિવિધ વાનગીઓ બનાવવામાં આવી રહી છે. સરસપુરની લુહાર શેરીમાં સૌથી મોટું રસોડું છેલ્લા ૪૬ વર્ષથી કાર્યરત છે.

એક અંદાજ પ્રમાણે સરસપુર ખાતે દોઢ લાખની આસપાસ હરિભક્તો ઉમટતા હોય છે. વિવિધ પોળના લોકો એક સંપ થઈને પ્રસાદી બનાવવાનું કાર્ય ઉપાડે છે. સરસપુરમાં ૧૪ થી વધુ પોળોમાં રસોડા શરૂ કરાયા છે. જેમાં પૂરી,શાક,ખીચડી, કઢી, ફૂલવડી, બુંદી, મોહનથાળ જેવી વિવિધ વાનગીઓ તૈયાર થઈ રહી છે.

## ભારતની અગ્રણી જાસુસી સંસ્થા રોના નવા અધ્યક્ષ તરીકે IPS રવિ સિન્હાની પસંદગી કરાઈ

ભારતની અગ્રણી જાસુસી સંસ્થા રોના નવા અધ્યક્ષ તરીકે આઈપીએસ રવિ સિન્હાની પસંદગી કરાઈ છે. કેન્દ્ર સરકારે સામંત ગોયલની જગ્યા લેવા માટે તેમના નામની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે સોમવારે છત્તીસગઢ કેડરના વરિષ્ઠ IPS અધિકારી રવિ સિન્હાને ગુપ્તચર એજન્સી રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ એટલે કે RAWના નવા વડા અધ્યક્ષના નામની જાહેરાત કરી છે. રવિ સિન્હા ૩૦ જૂને સામંત ગોયલની જગ્યા લેશે અને તેમનો કાર્યકાળ બે વર્ષનો રહેશે.

પંજાબ: શિક્ષણને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારની પીએમ શ્રી યોજના હેઠળ ૨૪૧ શાળાઓની પસંદગી ૧૯૮૮ બેચના ભારતીય પોલીસ સેવા અધિકારી રવિ સિન્હા, હાલમાં કેબિનેટ સચિવાલયના વિશેષ સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. આદેશ અનુસાર, કેબિનેટની નિમણૂક સમિતિએ બે વર્ષના કાર્યકાળ માટે RAWના સચિવ તરીકે સિંહાની નિમણૂકને મંજૂરી આપી છે. ઈછ૭ઉ પર વિદેશી ગુપ્ત માહિતી એકત્રની મોટી જવાબદારી છે. આ માહિતી કોઈ પણ દેશના વિકાસની અસર ભારત પર પડી શકે છે. ઈછ૭ઉ આવી બાબતો પર નજર રાખે છે. ઈન્દિરા ગાંધી સરકારે ઈછ૭ઉ ની સ્થાપ્રા કરી અને રામેશ્વર નાથ કાવ તેના પ્રથમ વડા હતા. આ સંસ્થા સીધી વડાપ્રધાનને રિપોર્ટ કરે છે.

## પ્રભાવિત જિલ્લાઓમાં અત્યારસુધીમાં કુલ રૂ.૧ કરોડ ૨૩ લાખ ૮૨ હજાર જેટલી કેશડોલ્સ ચૂકવવામાં આવી છે

ગાંધીનગર,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. તાજેતરમાં જ ગુજરાત પર આવેલા બિપોરજોય નામના સંકટ અને તેના માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા થઈ રહેલી કામગીરી અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ચર્ચાઓની માહિતી આપતા પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું કે, કેન્દ્રીય એજન્સીઓ, કોસ્ટ ગાર્ડ, સશસ્ત્ર દળો, જીલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો ઉપરાંત સ્વયંસેવી સંસ્થાઓ અને પ્રજા સહિત સૌના સામૂહિક પ્રયાસોથી ગુજરાતમાં ચક્રવાતના કારણે માનવ મૃત્યુ ઝીરો અને આર્થિક નુકશાન ઘટાડી શક્યા.



પ્રવક્તા મંત્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, વાવાઝોડા દરમિયાન ભારે પવન અને વરસાદના કારણે અસરગ્રસ્ત જિલ્લાઓના કુલ ૬૪૮૬ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. વાવાઝોડું પસાર થઈ ગયા બાદ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી અત્યારસુધીમાં ૫૭૫૩ ગામોમાં વીજળી પુનઃ સ્થાપિત કરવામાં આવી છે, જ્યારે બાકીના ગામોમાં વીજળી પુનઃ સ્થાપિત કરવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. પ્રભાવિત જિલ્લાઓમાં ૪૦૦ કેવી, ૨૨૦ કેવી અને ૧૩૨ કેવીની ક્ષમતાના ૧૨ સબસ્ટેશનો વીજ પુરવઠો વાવઝોડા દરમિયાન ખોરવાયો હતો, જે તમામ સબસ્ટેશનમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરાયો છે. આ ઉપરાંત ૬૬ કેવીના ૨૪૩ સબસ્ટેશનનો વીજ પુરવઠો પણ આ વાવાઝોડા દરમિયાન બંધ થયો હતો, જેમાંથી ૨૩૬ સબસ્ટેશનમાં વીજ પુરવઠો પુસ્થાપિત થઈ ગયો છે. બાકી રહેતા ૭ સબસ્ટેશનમાં ત્વરાએ વીજ પુરવઠો ફરી શરુ કરવા માટેની કામગીરી ચાલી રહી છે.વાવાઝોડાથી ગેટકો અને ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓના વીજ માળખાને અંદાજીત રૂ. ૭૮૩ કરોડનું નુકશાન થયું હોવાનું મંત્રીએ કહ્યું હતું.મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, પ્રભાવિત જિલ્લાઓમાં અસરગ્રસ્ત નાગરિકોને ૩ દિવસમાં કેશડોલ્સની ચૂકવણી કરવા માટે મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. જેના પરિણામે પ્રભાવિત જિલ્લાઓમાં અત્યારસુધીમાં કુલ રૂ. ૧ કરોડ ૨૩ લાખ ૮૨ હજાર (રૂ.૧,૨૩,૮૨,૨૪૦) જેટલી કેશડોલ્સ ચૂકવવામાં આવી છે, જ્યારે હજુ પણ કેશડોલ્સ ચૂકવવાની કામગીરી ચાલી રહી છે.

મંત્રીએ ઉમેર્યું કે, વાવાઝોડાની વિપરીત અસરોથી સંભવિત જિલ્લાઓમાં પશુમૃત્યાંકને ઘટાડવા માટે રાજ્ય સરકાર દ્વારા ઘણા પશુઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. બાકી રહેતા પશુઓને બાંધી ન રાખવા અને છુટ્ટા મૂકવા માટે પણ જણાવવામાં આવ્યું હતું. છતાં પણ વીજળી પડવાથી, ઝાડ નીચે દબાવાથી, વધારે સમય પાણીમાં ફસાયેલા રહેવાથી અને ઠંડીના કારણે રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓમાં કુલ ૧૩૨૦ પશુઓ અને ૧૯૦૭ મરઘાના મૃત્યું થયા છે. પાત્રતા મુજબ કુલ મરણ પૈકી ૧૧૨૯ પશુઓને રાજ્ય સરકાર તરફથી સહાય મળવાપાત્ર છે. જેની અંદાજીત રકમ રૂ. ૧.૬૨ કરોડ છે. સહાય ચૂકવવાની શરૂઆત કરવામાં આવી છે જે ટૂંક સમયમાં જ પૂર્ણ થશે.

મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, વાવાઝોડા દરમિયાન ભારે પવન અને વરસાદના કારણે અસરગ્રસ્ત જિલ્લાઓમાં ખેતી પાકો અને બાગાયત પાકોમાં પણ નુકશાન જોવા મળ્યું છે. નુકશાનીના પ્રાથમિક અહેવાલ અનુસાર કચ્છ, મોરબી, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર તથા અન્ય જિલ્લાઓમાં કુલ ૮૨ હજાર હેક્ટર જેટલા બાગાયતી પાકોનો વિસ્તાર છે. જેમાં ૫૩ હજાર હેક્ટર વિસ્તારમાં નુકશાન થયા હોવાનો પ્રાથમિક અંદાજ છે. જેમાંથી ૧૪,૮૮૭ જેટલા ફળપાકોના ઝાડ ઢળી પડવાનો અંદાજો આવ્યો છે. સ્થિતિનો પૂરે પૂરો અંદાજ મેળવવા માટે વિગતવાર સર્વેની કામગીરી હાલ ચાલી રહી છે.

મંત્રી પટેલે કહ્યું કે, રાજ્ય સરકારે સ્થિતિની ગંભીરતા સમજતા ઝીરો કેઝ્યુલીટીના અભિગમ સાથે વાવાઝોડાની અસરો શરુ થાય તે પહેલા જ પ્રભાવિત જિલ્લાના દરિયાકાંઠામાં વસતા લગભગ એક લાખથી વધુ નાગરિકોને સુરક્ષિત આશ્રય સ્થાનો ખાતે ખસેડ્યા હતા. જ્યાં તેમના માટે ખોરાક અને દવાઓ જેવી તમામ જરૂરિયાતની વ્યવસ્થાઓ કરાઈ હતી. તકેદારીના ભાગરૂપે સંબંધિત જિલ્લાઓમાં ૪૪૬૪ જેટલા હોર્ડિંગ દૂર કરાયા હતા, વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવા ૧૫૦૮ ટીમ, તમા પીએચસી-સીએચસી ખાતે દવા અને લોજીસ્ટીક સ્ટોક, રાહત બચાવ માટે ૧૮ NDRF અને ૧૨ SDRFની ટીમો, પાણી પુરવઠો બંધ ન થાય તે માટે ડીઝલ જનરેટરની વૈકલ્પિક વ્યવસ્થા અને રોડ રસ્તાઓ પરથી આડસો અને ધરાશાયી થયેલા વૃક્ષોને દૂર કરવા માટે વન વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગની ટીમો પણ સજ્જ હતી.

## જામનગરના સચાણા બંદર પર વિનાશ, ૬૦ જેટલી બોટને નુકસાન

જામનગર,

ગુજરાતમાં વાવાઝોડા અને ત્યાર બાદ ત્રાટકેલા વરસાદે અનેક જિલ્લાઓમાં ભારે ખાનાખરાબી સર્જી છે. ભારે વરસાદથી દરિયાકાંઠાના વિસ્તારો સહિત અનેક વિસ્તારોમાં અનેક પ્રકારનું નુકસાન થયું છે. જામનગરના સચાણા બંદર પર પણ ૬૦ જેટલી બોટને નુકસાન પહોંચ્યું છે. કેટલીક બોટને નાનું -મોટુ નુકસાન થયુ છે. તો કેટલીક બોટ સંપૂર્ણ ભાગી ગઈ છે. કુદરતના માર બાદ ફરી બેઠા થવા માછીમારોએ સરકાર પાસે સહાયની માગ કરી છે. તો ભારે વરસાદે બનાસકાંઠાના હાલ બેહાલ થઈ ગયા છે. અહીંના પાવડાસણ અને ડુવા ગામમાં આવેલા ખેતરો બેટમાં ફેરવાઈ ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. તો બીજી તરફ પાટણના રાધનપુરમાં વાવાઝોડાને કારણે લીંબુના પાકને નુકસાન પહોંચ્યું છે. દેવભૂમિ દ્વારકાના રૂપેણ બંદરમાં પણ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોની ઘરવખરી નાશ પામતા તેમની હાલાકી વધી છે તો ધોરાજી પંથકમાં પણ ભારે પવન અને વરસાદને પગલે કેળના બગીચાઓ બરબાદ થઈ જતા ખેડૂતોને આર્થિક ફટકો પહોંચ્યો તો નવસારીમાં પણ આંબા પર ઝૂલતી કેરીઓ જમીનદોસ્ત થઈ જતાં ખેડૂતોની કમાણી પર પાણી ફરી વળ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.255

# પંચમહાલ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા શહેરા, ગોધરાની બે ડેરી ઉપર લેવાયેલ પનીરના સેમ્પલ ફેલ







- બોમ્બે ચોપાટી માંથી લેવાયેલ બદામ શેકના નમુનો ફેલ રિપોર્ટ.
- બે ડેરી માંથી લેવાયેલ પનીરના સેમ્પલ રિપોર્ટ ફેલ આવતાં હોટલોમાં ઉપયોગ થતાં પનીરના સેમ્પલ લેવાશે ખરાં ?

ગોધરા,

પંચમહાલ જીલ્લા ગોધરા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ શહેરાની સર્વોદય ડેરી, ગોધરાની ખોડીયાર ડેરી માંથી પનીર દુધના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને નમુના ભુજ ખાતે લેબમાં તપાસ અર્થે મોકલતા નમુના ફેલ આવતાં આવનાર દિવસોમાં ફુડ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

ગોધરાની જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જીલ્લામાં ગોધરા અને શહેરા ખાતેથી ૬ સ્થળેથી પનીર, દુધ, બદામ શેક સહિત ૪ નમુના લેવામાં આવ્યા હતા. ગોધરા બોમ્બે ચોપાટી માંથી લેવામાં આવેલ બદામ શેકના નમુના તપાસ અર્થે મોકલતા રિપોર્ટ ફેલ આવ્યો. શહેરાની સર્વોદય ડેરી માંથી પનીરના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ગોધરાની ખોડીયાર ડેરી માંથી લેવાયેલ પનીરના સેમ્પલનો રિપોર્ટ ફેલ આવ્યો છે. રાજયભરમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા હોટલો અને ખાણીપીણીના સ્થળે ઉપયોગમાં લેવાતા પનીરના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને વડોદરા સહિત અનેક શહેરોમાં લેવાયેલ પનીરના સેમ્પલ રિપોર્ટ ફેલ આવ્યા હતા. ત્યારબાદ માંડ જાગેલ ગોધરા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ગોધરા અને શહેરા માંથી ૬ પનીર, દુધ, બદામ શેક સહિત નમુના લેવામાં આવ્યા હતા તે ફેલ આવ્યા છે. ગોધરા અને શહેરા ખાતેથી લેવાયેલ પનીરના સેમ્પલ રિપોર્ટ ફેલ આવ્યો છે. ત્યાર આવું ભેળસેળ યુકત પનીર ગોધરાની હોટલો અને ખાણીપીણીની લારીઓ રેસ્ટોરન્ટમાં ઉપયોગ થતો હોય છે. હોટલોમાં ઉપયોગમાં લેવાના પનીરના નમુના લેવામાં આવે તે જરૂરી છે. કારણ કે, પનીરની આઈટમોનો નામે હજારો કિલો પનીર ઉપયોગ થતું હોય જો આ પનીર ભેળસેળ યુકત હોય તો લોકોના આરોગ્યને નુકશાનકારક છે. જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ગોધરા અને શહેરાની ડેરી ઉપરથી લેવાયેલ પનીરના નમુના રિપોર્ટ ફેલ આવ્યો છે. ત્યારે ગોધરામાં પનીરનું વેચાણ કરતાં દુધના ધંધાદારીઓને ત્યાંથી નમુના લેવામાં આવે તે જરૂરી છે.

ગોધરા પંચામૃત ડેરી માંથી ૬ મે નારોજ પનીર અને દુધ સહિતની આઈટમોના લેવામાં આવેલ સેમ્પલોના રિપોર્ટ આવ્યો નથી.

## ઘોઘંબામાં વાનરોના ટોળાના આતંક મહિલા અને વિદ્યાર્થીને બચકાં ભરતાં વાનરોને પકડી પાડવા વન વિભાગ કાર્યવાહી કરે તેવી માંગ

ઘોઘંબા,

ઘોઘંબામાં વાનારોના ટોળાએ ત્રણ દિવસથી આતંક મચાવી લોકોને બચકા ભરીને ઈજાઓ પહોંચાડતા લોકોમાં ભય ફેલાયો છે. વાંદરાઓ અચાનક દોડી આવે છે અને ગમે તેને પકડીને બચકા ભરી ઈજાઓ પહોંચાડી ભાગી છૂટે છે. નગરમાં ગઈકાલે ઘર બહાર કામ કરી રહેલી એક મહિલાને બચકા ભરી ઈજાઓ પહોંચાડી હતી અને આજે એક શાળાના વિદ્યાર્થીને પગમાં બચકું ભરી લેતા આ આતંકી બનેલા વાનરોને પકડી પાડવા વન વિભાગ દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે. ઘોઘંબામાં છેલ્લા ત્રણ દિવસથી


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

વાંદરાઓએ આતંક મચાવ્યો છે. રહીશો ઉપર હુમલા કરી બચકા ભરવામાં આવ્યા હોવાની ઘટનાઓ બનતા કપિરાજના આતંક સામે નગરજનોમાં ભય ફેલાયો છે. લોકો બજારમાં નીકળવાનું ટાળી રહ્યા છે. ગઈકાલે વાંદરાએ ઘોઘંબા સ્વામિનારાયણ મંદિરની પાછળ ગોઠ ફળિયામાં રહેતા પૂનમબેન પંચોલી ઘરની બહાર કામ કરી રહ્યા હતા. અચાનક ત્રણ–ચાર વાંદરાઓ દોડી આવ્યા હતા અને પૂનમબેનના પગમાં બચકા ભરી લેતા માસના લોચા બહાર આવી જતા સારવાર લેવાની ફરજ પડી હતી. દસેક જેટલા ટાંકાઓ લીધા પછી પણ હાલ પૂનમબેનને ચાલવામાં તકલીફ પડી રહી હોવાનું જાણવા મળ્યું છે.

આજે આ વાંદરાએ ગુજરાતી પ્રાથમિક શાળાની બહાર એક વિદ્યાર્થીને પગમાં સાથળના ભાગે બચકાં ભરી લેતા વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયો છે. હડકવાયા થયેલા વાંદરાએ ઘોઘંબા નગરને બાનમાં લીધું હોય તેવી સ્થિતિ હાલ નગરમાંજોવા મળી રહી છે. લોકો બજારમાં નીકળતા એક પ્રકારનો ડર અનુભવી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી આ સ્થિતિ હોવા છતાં વન વિભાગ દ્વારા આતંક ફેલાવનાર વાંદરાને પકડી પાડવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

વન વિભાગ દ્વારા આ વાંદરો વધુ લોકોને ઈજાઓ પહોંચાડે તે પહેલા પાંજરા મૂકી તેનું રેસ્ક્યુ કરી જંગલ વિસ્તારમાં છોડી દે એવું નગરજનો ઈચ્છી રહ્યા છે. હાલ આ કપિરાજને લઈને નગરમાં ભય ઊભો થયો હોવાની હકીકતો વન વિભાગ જાણતું હોવા છતાં તે કોઈના આદેશની રાહ જોઈ રહ્યું હોય તેમ પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરતા હોય તેવું જોવા મળી રહ્યું છે.

## શહેરાના કવાલી ગામે કાચા મકાનની દિવાલ પડતાં પરિવારજનોનો આબાદ બચાવ

શહેરા,

શહેરા તાલુકાના કવાલી ગામે કાચા મકાનની દિવાલ ધરાસાયી થતા ઘરની અંદર રહેલ પરિવારજનોનો આબાદ બચાવ થયો હતો. જ્યારે ધામણોદ અને અણિયાદ ગામે વૃક્ષ ધરાસાયી થયું હતું.

સંભવિત બિપરજોય વાવાઝોડાની અસર રાજયના અનેક વિસ્તારો જોવા મળી રહી છે. જેને લઈને વિવિધ વિસ્તારોમાં વિજ થાંભલા તેમજ વૃક્ષો ધરાસાયી થયા હોવાની સાથે મકાનો પણ નુકશાન પહોંચ્યુ હોવાનું સામે આવ્યું છે. ત્યારે પંચમહાલ જીલ્લાના શહેરા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

તાલુકાના કવાલી ગામે પણ વાવાઝોડાની અસરને લઈ ગામમાં રહેતા વિનોદભાઈ સરદારભાઈના કાચા મકાનની એક સાઈડની દીવાલ ધરાસાયી થઈ હતી. જેને લઈને તેઓને નુકશાન પહોંચ્યુ હતું. આ અંગેની જાણ ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રીને થતાં તલાટી કમમંત્રીએ બનાવ સ્થળે પહોંચી મકાન માલિકને સહાય મળે તે માટે જરૂરી કાગળો કરી તાલુકા પંચાયત કચેરી ખાતે મોકલી આપ્યા હતા. જ્યારે ભારે પવન ફૂંકાવાને કારણે તાલુકાના ધામણોદ ગામના મજેલાવ ફળિયા એક ખેતરમાં તેમજ અણિયાદ ગામના બેઢિયા ફળિયામાં પણ રોડની સાઈડમાં આવેલ એક વૃક્ષ ધરસાયી થયું હતું. જેની જાણ ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રી તેમજ ગામના આગેવાનો દ્વારા તાલુકા પંચાયત કચેરી ખાતે કરવામાં આવી હતી અને ધરાસાયી થયેલ વૃક્ષને હટાવવા માટે જરૂરી સૂચન કરાયું હતું.

## પંચમહાલ માંથી પસાર થતી દિલ્હી-મુંબઈ ગ્રીન કોરી ડોર બનાવતી એજન્સી દ્વારા તળાવોમાંથી મંજુરી કરતાં વધારે માટી ખોદકામ કરતાં જીલ્લા કલેકટરને રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લા માંથી પસાર થતા દિલ્હી–મુંબઈ ગ્રીન કોરીડોર બનાવતી એજન્સીઓ દ્વારા માટી ચોરી કરાતી હોવાની રજુઆત શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દ્વારા કલેકટરને આવેદન અપાયું.

પંચમહાલ જીલ્લામાં પસાર થતા ભારત માલા પ્રોજેકટ હેઠળ દિલ્હી–મુંબઈ વચ્ચે બની રહેલા હાઈવે રોડનું કામ કરતી એજન્સી દ્વારા ગ્રામ્ય વિસ્તારોના તળાવો માંથી મંજુરી કરતાં વધારે માટીનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે અને તળાવો માંથી થતાં માટી ખોદકામમાં કૌભાંડ આચરવામાં આવે છે. સાથે ગોધરા ખાતે બની રહેલા નવા આઈ.ટી.આઈ. કંપાઉન્ડ માંથી પણ કોન્ટ્રાકટર દ્વારા મંજુરી વગર માટીનું ખોદકામ કરાઈ રહ્યું હોય ત્યારે આ બન્ને કોન્ટ્રાકટરો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે શહેર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દ્વારા જીલ્લા કલેકટરને આવેદન આપવામાં આવ્યું.

## સુરતના પુણામાંથી બોગસ આધારકાર્ડ બનાવવાનુ કૌભાંડ ઝડપાયુ, SOG એ ૫ શખ્શની ધરપકડ કરી

સુરત,

સુરત ના પુણામાં નકલી આધારકાર્ડ બનાવવાનુ કૌભાંડ ઝડપાયુ છે. સુરત શહેર SOG ટીમે આધાર કાર્ડ બનાવતી એજન્સીના ૨ અધિકૃત એજન્ટ સામેલ હોવાનુ સામે આવ્યુ છે. આ ઉપરાંત અન્ય ૩ બ્લેક લીસ્ટ કરવામાં આવેલા શખ્શ ઝડપાયા હતા. એસઓજી એ ૫ શખ્શોની ધરપકડ કરી છે. માત્ર ૧૫૦૦ થી ૩ હજાર રુપિયામાં આધાર કાર્ડ બનાવવામાં આવતા હતા. આ ટોળકીએ બાંગ્લાદેશી લોકોને પણ અહીં આધાર કાર્ડ બનાવી આપ્યા હોવાની આશંકા છે. સુરત SOG એ હવે તપાસની કાર્યવાહી શરુ કરી છે. એસઓજીને ટોળકીની ઓફીસમાંથી બોગસ આધારકાર્ડનો જથ્થો મળી આવ્યો છે. ટોળકીએ અધિકૃત પ્રકારની ઓફીસ તૈયાર કરવામાં આવી છે. બોગસ ડોક્યુમેન્ટ પણ મળી આવ્યા છે. કોમ્પ્યુટર દ્વારા બોગસ ડોક્યુમેન્ટ તૈયાર કરીને તેના આધારે આધાર કાર્ડ બનાવવામાં આવ્યા હતા. એજન્સી જેને આપવામાં આવી છે, તે શખ્શોની તપાસ શરુ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કેટલા આધાર કાર્ડ બનાવવામાં આવ્યા હતા અને બીજા કયા દસ્તાવેજો ડુપ્લીકેટ બનાવ્યા છે તેની તપાસ શરુ કરી છે. ઝડપાયેલા આરોપીમાં આમદ ઉર્ફે લખન મોહમ્મદ ખાન,મહેબૂબ યાકુબ શેખ, વસીમ બદરૂદીન શેખ, નૂર વઝીદ સૈયદ નાઈમભાઈ પટેલ સામેલ છે. જયારે સુરત પોલીસે કુલ ૩,૨૭,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો જેમાં બનાવટી ભારતીય આધારકાર્ડ-૧૬૩,પાનકાર્ડ-૪૪,ચૂંટણીકાર્ડ-૧૬૭, લાઈટ બિલ-૪૩,ઈક્મટેક્સ રિફિલિંગ-૧૧, પ્રોપર્ટી ટેક્સ બિલ-૦૫ સ્કૂલ લિવિંગ સર્ટી-૦૫, સ્કૂલ, જન્મ ના દાખલા-૮૫,લેપટોપ-૦૩,કલર પ્રિન્ટર-૦૧, લેમિનેશન મશીન-૦૧, કોર્જન ફિંગર મશીન-૦૨, આંખ સ્કેન કરવાનું મશીન ૦૧, મોબાઈલ ફોન ૦૫, સ્ત્રી પુરુષોના ફોટા-૩૪૮, લેમિનેશન પેપર-૧૫૦૦ રબર સ્ટેમ્પ-૦૧ સામેલ છે.

## ગોધરામાં રથયાત્રાના રૂટ ઉપર પોલીસનું ફુટ પેટ્રોલિંગ



ગોધરા,

ગોધરા શહેરમાં અષાઢી બીજ નારોજ ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળવાની હોય જેને લઈ ગોધરા રેન્જ આઈ.જી.ની આગેવાનીમાં ફુટ પેટ્રોલીંગ કરાયું.

ગોધરામાં અષાઢી બીજ નારોજ રણછોડજી મંદિર ખાતેથી ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળવાની હોય જેને લઈ રથયાત્રા રૂટ ઉપર ગોધરા રેન્જ આઈ.જી. ચિરાગ કોરડીયાની આગેવાનીમાં ફુટ પેટ્રોલીંગ યોજાવામાં આવ્યું હતું. જેમાં જીલ્લા પોલીસ વડા સહિત મોટી સંખ્યામાં એલ.આર.ડી. તાલીમાર્થીઓ ફુટ પેટ્રોલીંગમાં જોડાયા હતા. શહેરના તમામ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## હાલોલ બાયપાસ ઉપર બે ઈસમોને કારે ટક્કર મારતાં ઈજાઓ

હાલોલ,

હાલોલ તાલુકા પંચાયત કચેરીના બાંધકામ વિભાગના સુપરવાઈઝર તરીકે નોકરી કરતા દિનેશ ઈશરાનીની કારે હાલોલ બાયપાસ ઉપર બે ઈસમોને ઉછાળી દેતા અકસ્માત સર્જ્યો હતો. ગોધરા થી હાલોલ તાલુકા પંચાયત કચેરીમાં અપડાઉન કરી નોકરી કરતા સુપરવાઈઝર આજે રવિવારની રજા હતી. છતાં મિત્ર સાથે હાલોલ તરફ આવ્યા હતા. ગોધરાથી સેલેરીઓ કાર લઈ સરકારી દફતરનો ચોપડો અને મેજર ટેપ સાથે કોઈ સરકારી કામની વિઝીટ ઉપર નીકળ્યા હોય તે રીતની તૈયારીઓ સાથે નીકળેલા સુપરવાઈઝરની કાર તેઓનો મિત્ર કોઈ મિશ્રા હંકારી રહ્યો હતો. જેને હાલોલ બાયપાસ ઉપર અતિથિ હોટેલ નજીક રોડ ઉપર ચાલતા જઈ રહેલા અને એમજી મોટર્સમાં કામ કરતા બે કામદારો રાધેશ્યામદાસ



(રહે. બિહાર) અને નિઝાનંદ યાદવ (રહે. યુપી)ને ટક્કર મારી રોડ ઉપર ફૂટબોલની જેમ હવામાં ફંગોળ્યા હતા અને અકસ્માત સર્જ્યો હતો. હાલોલના આસ્થા રેસીડેન્સીમાં રહેતા બંને યુવકોને પણ આજે કંપનીમાં રજા હતી. એટલે રાત્રે જમીને આંટો મારવા નીકળ્યા હતા. બંને યુવકોને બાયપાસ ઉપર સુપરવાઈઝરની કારે ટક્કર મારતા બંને ઉછળ્યા અને રોડ ઉપર પટકાયા હતા. બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. બંને યુવકો પૈકી રાધેશ્યામ દાસનું માથું ફાટી જતા ગંભીર રીતે ઘવાયો હતો. અકસ્માત બાદ કાર રેલિંગ સાથે ટકરાઈને પલટી ખાઈ ગઈ હતી. જોકે, આ અકસ્માતમાં કારમાં સવાર સુપરવાઈઝર અને તેના મિત્રને કોઈ ઈજાઓ પહોંચી ન હતી, પરંતુ કારમાં સુપરવાઈઝર અને કાર ચલાવી રહેલો સુપરવાઈઝરનો મિત્ર બંને નશો કરેલી હાલતમાં હોવાનું અહીં અકસ્માત બાદ તુરંત ઘટના સ્થળે એકત્ર થયેલા લોકોએ જણાવ્યું હતું. રવિવારની જાહેર રજાના દિવસે સરકારી ચોપડો અને મેજરટેપ લઈ સુપરવાઈઝર સરકારી કામે નીકળ્યા હતા કે રજાની મઝા માણવા તે રહસ્ય છે. ગોધરા રહેતા હોવા છતાં રાત્રે ૮:૦૦ કલાકે વડોદરા તરફના માર્ગે કાર લઈ જઈ રહ્યા હતા. તો તેઓ ક્યાં જઈ રહ્યા હતા, તે પણ તપાસ માંગી લેતો વિષય છે. અકસ્માત બાદ હાલોલ ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી પૂછપરછ હાથ ધરી હતી. તાલુકા પંચાયત કચેરીના બાંધકામ વિભાગના સુપરવાઈઝરની કારને અકસ્માત નડ્યો હોવાની વાત જાણતા હાલોલ તાલુકા ભાજપ પ્રમુખ પ્રવીણ અને હાલોલ તાલુકા પંચાયત કચેરીના પ્રમુખ મહેન્દ્રસિંહ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને અકસ્માત અંગે જાણકારી મેળવી હતી.

## શહેરા જુના BRC ભવન ખાતે નાણાંકીય સાક્ષરતા વિષય પર કિવઝનું આયોજન

શહેરા,

શહેરા નગરના પાલીખંડા ખાતે આવેલ જુની બી.આર.સી ભવન ખાતે G-20 અંતર્ગત આર.બી.આઈ દ્વારા સોમવાર નારોજ સરકારી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળાના બાળકો માટે નાણાંકીય સાક્ષરતા વિષય પર કિવઝનું આયોજન કરવામાં આવ્યું હતું. નીતિનભાઈ પટેલ જીલ્લા મદદનીશ પ્રોજેકટ કો. ઓર્ડીનેટર (SSA) અને બીઆરસી કો. ઓર્ડીનેટર રાકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઈન્વીલીઝેટર તરીકે નટવરસિંહ ચૌહાણ અને વિનોદભાઈ આઈ માછીની નાં



માર્ગદર્શન હેઠળ આરબીઆઈ કિવઝમાં ૮ પ્રાથમિક અને ૨ માધ્યમિક શાળાએ ભાગ લીધો હતો. આ કિવઝ સ્પર્ધામાં બોડીદ્રાખુર્દ પ્રાથમિક શાળાની ટીમ પ્રથમ નંબરે વિજેતા જાહેર કરવામાં આવી હતી. જયારે મોડલ સ્કૂલ શહેરા દ્વિતીય અને સરકારી માધ્યમિક શાળા ધાયકા તૃતીય નંબરે વિજેતા બની હતી. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્રો આપી સન્માન કરવામાં આવ્યા. પ્રથમ નંબરે વિજેતા ટીમના બાળકોને ૫૦૦૦ રૂપિયા, દ્વિતીય વિજેતા બાળકોને ૪૦૦૦ રૂપિયા તથા તૃતીય નંબરે વિજેતા ટીમના બાળકોને ૩૦૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવનાર છે. પ્રથમ નંબરે આવનાર બોડીદ્રા ખુર્દ પ્રાથમિક શાળાની વિજેતા ટીમના બાળકો જીલ્લા કક્ષાએ યોજાનાર કિવઝ સ્પર્ધામાં ભાગ લેનાર હોવા સાથે વિજેતા થયેલ વિદ્યાર્થીઓને શિક્ષકો એ અભિનંદન પાઠવ્યા હતા.

## ગોધરા-લુણાવાડા રોડ છબનપુર બ્રીજ નીચે રોડ ઉપર બાઈકએ અજાણ્યા વાહને ટકકર મારતાં એકનું મોત : બેને ઈજાઓ

ગોધરા,

ગોધરા તાલુકાના છબનપુર બ્રિજ નીચે રોડ ઉપર બાઈક ચાલકને અજાણ્યા વાહન ચાલકે અડફેટમાં લેતા એક વ્યકિતનું મોત નિપજાવી તેમજ એકને ઈજાઓ પહોંચાડી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના છબનપુર બ્રિજ નીચે રોડ ઉપરથી બાઈક નં.આરજે. ૧૬. એસબી. ૯૩૬૭ ઉપર ગોધરા તરફ આવતા હતા. દરમિયાન અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટમાં લીધી હતી. જેને લઈ બાઈક ઉપર સવાર છેલુસીંગ દેવીસીંગ ભાટીને ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે મોત નિપજાવ્યું હતું. જ્યારે પુખરાજ દિધારામ સુથાર અને મુલસીંગ કમલસીંગ ભાટીને ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. અજાણ્યા વાહન ચાલક અકસ્માત સર્જી નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.